Gyan Amrit
જ્ઞાનામૃત

April 2025 - Issue 04
Price 15/-

ડીસામાં 'અલવિદા તનાવ' કાર્યક્રમમાં MLA ભ્રાતા પ્રવિણભાઈ માળી, જલારામ ટ્રસ્ટના ટ્રસ્ટી ભગવાનભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પુનમબેન તથા બ્ર.કુ. સુરેખાબેન.

વડોદરા મંગલવાડીમાં 'શિવરાત્રી'ના ઉપલક્ષ્યમાં ઝંડારોહણ કાર્યક્રમમાં BJP કન્વીનર ડૉ. જીવરાજભાઈ ચૌહાણ, MS યુનિવર્સિટીના પ્રો. સુનીલભાઈ ગણદેવીકર તથા પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. રાજબેન.

અમરેલીમાં 'દિવ્ય અમરનાથ દર્શન મેળા'ના ઉદ્‌ઘાટનમાં કલેક્ટર ભ્રાતા અજય દહીયા IAS, ડેપ્યુટી કલેક્ટર ભ્રાતા નાકીયા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. રસીલાબેન તથા અન્ય મહાનુભાવો.

રાજકોટ અવધપુરીમાં 'શિવદર્શન' કાર્યક્રમમાં ૧૫૧૦૦૦ રૂદ્રાક્ષના ૧૮ ફુટ ઉંચા શિવલિંગ દર્શનમાં મેયર ભગિની નયનાબેન પેઠડીયા સાથે અગ્રણી વ્યાપારીઓ સાથે બ્ર.કુ. રેખાબેન.

ગોંડલમાં ૧૧ ફુટના 'ઓમકારેશ્વર'ની આરતી પ્રસંગે હરિસ્વામી, રામમંદિરના બાલકૃષ્ણસ્વામી, સ્વામી શુભાત્માનંદ સરસ્વતી, મહંતશ્રી ચંદુબાપુ, લઘુમહંત મયુરબાપુ, બ્ર.કુ. ભાવનાબેન, બ્ર.કુ. શીતલબેન.

ગોધરામાં 'શિવધ્વજારોહણ' પ્રસંગે આર્ટસ્ અને કોમર્સ કોલેજના આચાર્ય તથા ડીન ડૉ.એમ.બી.પટેલ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી વિપુલ ગામીત, અન્ય મહાનુભાવો સાથે બ્ર.કુ. સુરેખાબેન.

ભાવનગર ખાતે 'મહાશિવરાત્રી'ના પાવન પર્વે ૧૦૮ કિલો શાકભાજીના 'શિવલીંગ' દર્શનમાં પધારેલ ભાવિક ભક્તજનો.

પોરબંદરમાં 'શિવરાત્રી' સ્નેહમિલનમાં ભારતીય તટરક્ષકના DIG પંકજ અગ્રવાલ, શ્રીમતી નિધી અગ્રવાલ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચેતના તિવારી, વ્યાપારી ભ્રાતા દિલીપભાઈ આડેદરા, બ્ર.કુ. ગીતાબેન.

સુખશાંતિભવનમાં 'મહિલા મહોત્સવ'માં પત્રકાર ડૉ. અનિતાબેન, ફિલ્મ કલાકાર કામિનીબેન, ડેન્ટીસ્ટ ડૉ.ગીતાબેન, યોગાટીચર શીતલબેન, CA ત્રિલોચનાબેન, PI શીતલ પ્રજાપતિ, કોચ રઝીયાબેન, બ્ર.કુ. નેહાબેન.

રાજકોટમાં 'સાંજ સમાચાર' સમાચારપત્ર દ્વારા 'વિશ્વ મહિલા દિને' વિવિધ ક્ષેત્રની નારી સન્માન પ્રસંગે આધ્યાત્મિક ક્ષેત્રના બ્ર.કુ. અંજુબેનને સન્માનિત કરતાં મેયર નયનાબેન, આયોજક પૂર્વીબેન.

પાટણમાં 'મહિલા દિવસે' ભગિની સમાજના મંત્રી લીલાબેન, નગરપાલિકા પ્રમુખ હિરલબેન, યોગાટીચર કામિનીબેન, અર્જુન જ્વેલર્સના પ્રતિભાબેન, BAOUના રીજઓનલ ડાયરેક્ટર ડૉ. કિંજલબેન, બ્ર.કુ. નીલમબેન.

અમદાવાદ વસ્ત્રાલમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના 'નારી શક્તિને વંદન' કાર્યક્રમમાં MLA હસમુખભાઈ પટેલ, બ્ર.કુ. ડૉ. નંદિનીબેન, લકુલેશ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રધ્ધા રઘુવંશી, ડૉ. મીનાબેન તથા અન્ય.

અબ્રામા ખાતે 'વુમનર્સ ડે'માં યોગસમિતીના પ્રભારી તનુજાબેન, PI આર.વી.ચુડાસમા, ન્યાયાધીશ બી.જી.પોપટ, ડીવાઈન આર્ટ માર્શલના સ્થાપક નિલેશભાઈ, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંગીતાબેન.

વડોદરા મંગલવાડીમાં 'નારી દિવસે' પારૂલ યુનિવર્સિટીના ડીન ડૉ. ભાવના ગઢવી, આચાર્ય વૈશાલીબેન, કૉર્પોરેટર વર્ષાબેન, વૈદ્ય રીયાબેન, પ્રો. બેલાબેન, ગણદેવી જ્વેલર્સના અમૃતાબેન, બ્ર.કુ. રાજબેન.

ગોધરા ખાતે 'ઇન્ટરનેશનલ વુમન ડે' પર દેવગઢ બારીયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શકુંતલાબેન બારીયા, બ્ર.કુ. સુરેખાબેન, મયુરીબેન સોની, બ્ર.કુ. ઈલાબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો.

માળીયા હાટીનામાં 'વિશ્વ નારી દિવસે' GEB એન્જી. મૌસમી ચૌધરી, BJP પ્રમુખ સોનલબેન, HMO આભાબેન, મુસ્લિમ અગ્રણી રેહાનાબેન, લોહાણા સમાજના ચંદનબેન, યોગટીચર દક્ષાબેન, બ્ર.કુ. મીતાબેન.

બોખીરા સેવાકેન્દ્ર પર 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે' આયોજીત સ્નેહમિલનમાં ડૉ. ચેતનાબેન તિવારી, ભગિની સુરેખાબેન શાહ અન્ય અગ્રણી મહિલાઓ સાથે બ્ર.કુ. હંસાબેન.

વધઈમાં 'નારી દિવસે' સમર્થ જાગૃત્તિ મહિલા ફેડરેશન દ્વારા આયોજીત સ્નેહમિલનમાં દીપ પ્રાગટય કરતાં બ્ર.કુ. સાધનાબેન, પ્રમુખ તારાબેન, ડેરીના પ્રમુખ ભગુભાઈ, જયમતિબેન.

તારાપુરમાં 'મહિલા સન્માન' કાર્યક્રમમાં BJP કાર્યકર્તા વાંસતીબેન, નારી અદાલતના કાર્યકર ભગિની મનીષાબેન, બ્ર.કુ. દિપીકાબેન, બ્ર.કુ. ભુપેનભાઈ તથા બ્ર.કુ. હસુબેન.

મુંબઈ મુલંદમાં 'પ્રતિભાશાળી નારી ગૌરવ સન્માન' કાર્યક્રમમાં બ્ર.કુ. ગોદાવરીબેનનું સન્માન કરતાં આનંદ ક્લાલીસના લાલજીભાઈ અને એડવોકેટ સંજયભાઈ માળી બાજુમાં બ્ર.કુ. લાજવંતીબેન.

સાપુતારા ખાતે 'મહિલા દિવસે' સ્વામિનારાયણ સંપ્રદાયની સંન્યાસી બહેનો મ્યુઝીયમની મુલાકાત બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. મધુબેન.

મરોલીમાં 'શિવલિંગ' પર ફુલહાર અર્પણ કરતાં નવસારી જીલ્લા ક્રય-વિક્રય સહકારી સંઘના પ્રમુખ દિલીપભાઈ રાયકા, ગાયત્રી પરીવારના ભરતભાઈ, બ્ર.કુ. મુકેશબેન.

રાજકોટ ગાયત્રીનગરમાં 'શિવનાથ દર્શન' કાર્યક્રમ માટે એડવોકેટ ભ્રાતા ચિરાગભાઈ મનાલી, મહિલા પ્રદેશ અધ્યક્ષ લીલાબેન મિશ્રાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રસિલાબેન.

શહેરામાં '૮૯મી શિવરાત્રી'ની ઝાંખીના ઉદ્‌ઘાટનમાં THO ભ્રાતા ભરતભાઈ ગઢવી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મુકેશ દોષી, ડૉ. ઉર્વશીબેન, કૉલેજના આચાર્ય વિનોદભાઈ, બ્ર.કુ. સુરેખાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૮ | એપ્રિલ - ૨૦૨૫ | અંક : ૦૪

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપૃષ્ઠ

અમૃતસૂચિ

- સમયનો સદુપયોગ ....તંત્રી સ્થાનેથી ...06
- તપસ્યા દ્વારા વિશ્વને સકાશ મળશે ....દાદી પ્રકાશમણિજી ...08
- અંતર્મુખતામાં આવીએ ....દાદી જાનકીજી ...09
- પરમાત્મ ઊર્જા ....દાદી હૃદયમોહિનીજી ...10
- માનવ કલ્યાણમાં આપનું યોગદાન ....બ્ર.કુ. જગદીશચંદ્ર ...11
- શક્તિશાળી મનનો આધાર ....બ્ર.કુ. સૂર્યભાઈ ...12
- નિરાકારી બનવું ....બ્ર.કુ. ગીતાબેન ...14
- મર્યાદાની રેખામાં રહેવાથી જ ....બ્ર.કુ. ઉષાબેન ...15
- સત્યતાનું ઉદાહરણ - સત્યવતી દાદીજી ....બ્ર.કુ. હેમંત ...16
- બ્રહ્માભોજનની મહિમા. ....બ્ર.કુ. વિવેકાનંદ ...21
- એક અલૌકિક ખજાનો - ખુશી.................બ્ર.કુ. જગદીશ ...24
- બાબા પાસેથી પ્રાપ્તિ ....બ્ર.કુ. જૂનાગઢ ...27
- આધ્યાત્મિક શિક્ષણગૃહ, નડિયાદ ....બ્ર.કુ. નડિયાદ ...28
- બ્રાહ્મણ શિવને શરણે...........................બ્ર.કુ. જૂનાગઢ ...29
- દિવ્યદર્શન - રામરાજ્ય આવશે.................બ્ર.કુ. નંદિની ...30
- નવરાત્રિ 31
- શબ્દાવલી..32

2024ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝેલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, સચોટ હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારેય મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલિટી બરાબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

સમયનો સદુપયોગ

કાળનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે. જોત જોતામાં વર્ષ પૂરું થઈ ગયું. સુખદ, દુઃખદ, ઘટનાઓ, સિધ્ધિઓ અને મર્યાદાઓનો ઈતિહાસ આલેખી સમય હાથતાળી આપીને ચાલ્યો જાય છે.

દર વર્ષે નૂતનવર્ષના પ્રારંભે માનવ લાગણી-સભર હૈયે નૂતનવર્ષનાં આયોજનો કરે છે. સુંદર વિચારોની સુખદસૃષ્ટિ રચે છે. પણ પ્રારંભિક થોડા દિવસો બાદ કરતાં તે પાછો પૂર્વવત્ત સ્થિતિમાં આવી જાય છે. કંઈક નવું કરવાનો, કંઈક વિશેષ સિધ્ધિઓ મેળવવાનો સંકલ્પ પુરુષાર્થની તીવ્રતાના અભાવે સાકાર થઈ શકતો નથી.

જેઓ દૃઢતાપૂર્વક સંકલ્પો કરીને તેને સિધ્ધિ કરે છે તેઓ તો પ્રશંસાના પુષ્પોથી વધાવવાને યોગ્ય છે. તેઓ તો અન્ય આત્માઓ માટે પ્રેરણાઓની કેડી કંડારે છે. પણ જેઓ પોતાના ધ્યેયને સાકાર કરી શક્યા નથી તેઓ માટે નવું વર્ષ નૂતન આશાનો સંદેશ લાવે છે. જ્યારથી કાર્યનો પ્રારંભ કરીએ ત્યારથી આપણા માટે નવું વર્ષ છે. આ નવું વર્ષ આશાનો સંદેશ આપે છે, ઉમંગ ઉત્સાહ લાવે છે.

માનવ ઉત્સવપ્રિય છે. પણ ઉત્સવનો ઉત્સાહ સતત જળવાઈ રહેવો જોઈએ. તેમાંય રાજયોગની સાધનાપથના યાત્રિકે તો વિશેષ પુરુષાર્થ કરી એકરસ સ્થિતિ જાળવી રાખવી જોઈએ. જેમ જેમ ઘડીઓ વીતે છે. તેમ તેમ માનવના આયુષ્યમાંથી તેની બાદબાકી થાય છે. તેથી ચેતવણીના આ શબ્દો છે.

‘आशया बध्धते लोको कर्मणो बहु चिन्तया।
आयुः क्षीणम् न जानाति तस्मात् जाग्रत।।’

અર્થાત્ ‘મન હજારો બંધનોથી, આશા-ઓથી, કામનાઓથી અને ચિંતાઓથી બંધાયેલું છે. પણ તે જાણતું નથી કે આયુષ્ય ક્ષીણ થતું જાય છે. જીવનકાળ વધે છે. તેમ જિંદગી ટૂંકી થાય છે માટે જાગો.’

આપણે એ તપાસીએ કે મારી એક એક પળનો હું સદુપયોગ કરું છું. તેને સમર્થ કાર્યોમાં રોકું છું. એ પળોને હું ધન્ય બનાવું છું. એ વીતેલી પળો મારા માટે સૌભાગ્યશાળી બને છે. આ માટે હું કેટલો સભાન છું. તેની સાધકે સતત સાવધાની રાખવી જોઈએ.

આજનો સમાજ મંથરાઓ અને શકુનીઓથી ભરેલો છે. ક્યાંક સુખનું સામ્રાજ્ય સ્થપાય છે. શાંતિ, પ્રેમ, ભાઈચારાનું વાતાવરણ જોવા મળે છે. ત્યારે આસુરી તત્ત્વોની ઊંઘ ઉડી જાય છે. તેઓ સ્વયં એ સુખ માણી શકતા નથી. તેથી તેઓ અવનવા દાવપેચ, કાવાદાવા, ષડ્યંત્રો રચીને માનવની મતિને ભ્રમિત કરવાનું કાર્ય કરે છે.

આજે માનવ કોઈનું અહિત ન કરતો હોય, સજ્જનતાથી જીવતો હોય આમ છતાં દુષ્ટ લોકો તેને તે રીતે જીવવા દેતા નથી. તેના માર્ગમાં, સાધકના માર્ગમાં તે અંતરાયો નાખે છે. સાધક જો આશાવાદી બનીને તેને રચનાત્મક દૃષ્ટિકોણથી વિચારે તો આ વિઘ્નો તેની ઉન્નતિ માટે જ હોય છે. તેના સાધનામય જીવનની આ પરીક્ષાઓ તેને આગળ ધપાવે છે.

આજે જાપાનમાં ઘરનું કોઈ માણસ નવરું બેસી રહેતું નથી. સતત ઉદ્યમશીલતાને કારણે વિશ્વયુધ્ધની ભયંકર યાતનાઓમાંથી પણ તે બેઠું

થઈ વિશ્વમાં તેનું સ્થાન શોભાવે છે. ભારતભૂમિમાં કેટલાય લોકો કામ વગર સમય પસાર કરતાં, ટોળટપ્પા કરતાં, પરચિંતન કરતાં જોવા મળે છે. આમાં વળી, ધાર્મિક જીવનના આંચળ હેઠળ આળસ, પ્રમાદને પોષણ મળે છે. તેને કારણે કેવી ઘટનાઓ બને છે તે આપણે અખબારોમાં વાંચીએ છીએ. તેમાંથી અનેક વિકૃતિઓ જન્મે છે. તેથી સાધકનું કાર્ય સ્વયંની અને સમાજની ઉન્નતિનું હોવું જોઈએ. માટે સતત રચનાત્મક અને કલ્યાણ-કારી કાર્યોમાં વ્યસ્ત રહેવાનું છે.

પુરુષાર્થથી જ સાધકનું જીવન દિવ્ય બને છે. પોતાના સદ્ આચરણ દ્વારા જ અન્યને સાચો ઉપદેશ આપી શકાય છે. બ્રહ્માબાબા, સ્વામી વિવેકાનંદ અને અન્ય મહાન પુરુષોએ અજબ જાગૃતિનું કાર્ય કર્યું છે. તે રીતે આજે પણ કેટલીક ઉલ્લેખનીય સંસ્થાઓ દિનરાત સમાજ સેવા, રાષ્ટ્ર ઉત્થાન અને સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય-લક્ષી, સમાજના વિવિધ વર્ગોને ઉપયોગી કાર્યો કરે છે. તેમાંથી પ્રેરણા લેવા જેવી છે.

આપણે આપણા જીવનની એક સ્પષ્ટ રૂપરેખા બનાવીને કાર્ય કરવું જોઈએ. આપણે જે ધ્યેયને વરેલા હોઈએ તેને સિધ્ધ કરવાનો સર્વાંગી પુરુષાર્થ કરવો જોઈએ. આમ આપણું જીવન નવીનતા, શ્રેષ્ઠતા, કલ્યાણકારી આશાઓ, અપેક્ષાઓને પૂર્ણ કરે તેવું હોવું જોઈએ.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 31નું અનુસંધાન)... નવરાત્રિ

મહિષાસુર માની ગયો. ત્યાર પછી લડાઈ શરૂ થઈ. જે નવ દિવસ સુધી ચાલી. દસમા દિવસે દેવી દુર્ગાનો વધ કર્યો. ત્યારથી આ નવરાત્રિનો તહેવાર ઉજવવામાં આવે છે. આજની પરિસ્થિતિમાં આપણે જોઈએ તો મહિલાઓ ઉપર અત્યાચાર, દુરાચાર કરનાર મહિષાસુર જેવા જ દેખાય છે. જે વિકારોને વશીભૂત થઈને વિકૃત કૃત્યો કરતા રહે છે.

આવા સમયે આધશક્તિ (શિવશક્તિ) સ્વરૂપા દુર્ગા બનીને આધશક્તિ અવતાર લે છે. અને આવા અસુરોનો સંહાર કરે છે. તેની યાદમાં વિકૃતિઓ ઉપર વિજય મેળવવા માટે નવરાત્રિનો તહેવાર ઉજવવામાં આવે છે. તેના દસમા દિવસે વિજયાદશમી અર્થાત્ દશેરા ઉજવવામાં આવે છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 10નું અનુસંધાન)... પરમાત્મ ઊર્જા

પ્રાપ્તિનો અનુભવ કરશો. માયા, પ્રકૃતિને દાસી બનાવવાની છે. તો ઉદાસી આવશે નહીં. ઉદાસીનું કારણ છે પ્રકૃતિના, માયાના દાસ બનવું. જો તેના દાસ બનશો જ નહીં તો ઉદાસી આવી શકે ખરા? તો કદી પણ માયાના દાસ યા દાસી બનશો નહીં. અહીં પ્રકૃતિ યા માયાના વધારે દાસ બનશો તો ત્યાં (સ્વર્ગ) પણ દાસ યા દાસી બનવું પડશે. કારણ કે સંસ્કાર જ દાસ, દાસીના બની ગયા. અહીં દાસ પણ રહ્યા, ઉદાસ પણ રહ્યા તો ત્યાં દાસ બનવું પડશે તો ફાયદો શો? એટલે ચેક કરવાનું છે. ઉદાસી આવી તો જરૂર માયાના દાસ બન્યા છીએ. તો પહેલાં જોઈએ પરખ, પછી પરિવર્તનની શક્તિ જોઈએ. તો કદી પણ અસફળતામૂર્ત બનશો નહીં. તેઓ બનશે આપની પાછલી પ્રજા અને ભક્ત. જો વિશ્વનું રાજ્ય ચલાવનારા જ અસફળ રહ્યા તો સફળતામૂર્ત કોણ બનશે?

॥ ઓમશાંતિ ॥

તપસ્યા દ્વારા વિશ્વને સકાશ

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

આપ દેહની સ્મૃતિથી ન્યારા બની શકો છો. કારણ કે આપણે રાજયોગીઓ છીએ એટલે આ યોગનો અનુભવ છે કે અહીં બેઠાં બેઠાં ઉડી જઈએ. આપણે બુધ્ધિથી ઉડીને બાબા સાથે મિલન મનાવવાનું છે. આ શરીરથી અશરીરી, ન્યારા બનીને, ફરિશ્તાઓની દુનિયામાં બાબા સાથે મિલન મનાવવા ઉડી જઈએ. આના જેવું અતિન્દ્રિય સુખ કોઈ નથી. દેહથી ન્યારા થઈ જાઓ અને બાબા સાથે મિલન મનાવીને સ્વયંમાં સર્વશક્તિઓ ભરી લો. એને જ તપસ્યા કહેવામાં આવે છે. જેને યોગનો આવો અનુભવ થાય છે. એની બુદ્ધિ સહજ રીતે જ દુનિયાની સર્વ વાતોથી દૂર થઈ જાય છે.

જ્યાં સુધી આ યોગની ગહન અનુભૂતિ કરશો નહીં ત્યાં સુધી શક્તિઓ મળશે નહીં. આ સાધનાથી જે શક્તિઓ મળે છે. તેનાથી માયાજીત બની શકીએ છીએ. જ્ઞાન આપણું શિક્ષણ છે. જેટલી યાદની યાત્રા કરશો એટલાં વરદાનોથી ભરપૂરતાનો અનુભવ થાય કે યોગમાં બેસતાં આપણે આ દેહથી ઉડીને વતનમાં બાબાની પાસે પહોંચી જઈએ. આપણને એ લાઈટના વતનનો અનુભવ થાય. નિરાકારી દુનિયા તો પરમધામ છે. પરંતુ સૂક્ષ્મવતન, અવ્યક્તવતન આપણા સંગમયુગની વિશેષતા છે.

બાબા આપણને મળવા આવે છે તો બુદ્ધિ જેટલી શુધ્ધ બનશે, બહારની વાતોથી અંતર્મુખ બનીશું એટલું જ બાબાનું આકર્ષણ થશે. લાઈટરૂપમાં બાબા સાથે મિલન થાય. આજ છે રુહાનિયતની યાત્રા. આવી રુહાની યાત્રામાં રુચિ રાખીને યોગના સુખનો ગહન અનુભવ કરો. કલ્યાણકારી બાબા કેટલાય આત્માઓનું કલ્યાણ કરી રહ્યા છે. બાબાની છત્રછાયામાં, એમની રક્ષા નીચે સદા રહો. કોઈ પણ લૌકિક, અલૌકિક સંબંધ યાદ ન આવે તો બાબા રક્ષક બનીને સદા રક્ષણ કરતા રહેશે.

કોઈ ગમે તેટલું મન ખરાબ કરે, કદી સંગદોષમાં આવશો નહીં. આ ઉંમરમાં સૌથી મોટો દુશ્મન છે કુસંગ. વાતચીત કરવી હોય તો રુહોને રાહત આપનારી કરો, જ્ઞાનની, સેવાની રુહરિહાન કરો. સેવાની યોજનાઓ બનાવો. આ બધા પાછળ આપણું લક્ષ્ય એ હોય કે દરેક કારોબાર સહજ રીતે કઈ રીતે ચાલી શકે. બાકી દિલ તો દિલાવર (બાબા)ને આપી દીધું છે. વાહ મારા બાબા, એ સિવાય દિલની કોઈ વાતો નથી. પર્સનલ કોઈની સાથે બેસીને વાતો કરવી એ દોસ્તી નથી એ દિલની વાતો નથી પણ સંગદોષ છે.

રાત્રે સૂતા પહેલાં દસ મિનિટ પણ રુહરિહાન કરીને પછી સૂઈ જાઓ. કહેવાનો ભાવ એ છે કે સૌ મનથી ખુશ રહો, તનથી પણ ખુશ રહો. એવું ખુશનશીબીનું વાતાવરણ બનાવો. આવનાર એવો અનુભવ કરે કે આપણે કેટલા ખુશ થઈને જઈએ છીએ. કોઈના પણ ચહેરા ઉપર ઉદાસીનતા, ઘૃણા, નફરત આ સૌને ફીલ નહીં કરો. ત્યારે તો જીવન જીવવાની મજા છે કોઈ વાત હોય તો તેને તપસ્યાથી દૂર કરો. ત્યારે આપણી તપસ્યા વિશ્વને સકાશ આપશે.

॥ ઓમશાંતિ ॥

બહિર્મુખતાથી મુક્ત થઈ અંતર્મુખતામાં આવીએ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



પોતાને આત્મા સમજવો અને એકને યાદ કરવા - બાબા વારંવાર આ પાઠ પાક્કો કરાવે છે. કારણ કે આત્મા સમજવાથી દેહ અભિમાનથી મુક્ત થવાશે અને બાબાને યાદ કરવાથી પાપ નષ્ટ થશે. આ વાત સમગ્ર દિવસમાં કદી ના ભૂલો. બાબા કહે છે હું ઘડી ઘડી યાદ અપાવું છું કારણ કે બાળકો ઘડી ઘડી ભૂલી જાય છે.

આમ તો મરવાની પળોમાં પણ આત્મા શાંતચિત્ત રહેતો નથી. તો જીવતાં કઈ રીતે શાંત રહી શકે? શાંતિ શું સહજ વાત છે? પણ બહારની વાતોથી મુક્ત બનીને અંદર જાઓ તો મરતી વખતે શાંત ન રહેતા હોય તે જીવવા છતાં શાંત બની જાય છે. આત્મા દરેક પોતાના દિલને પૂછો કે આવા અંતર્મુખ બન્યા છો. તો અંતર્મુખ એ બનશે જે પોતાની અંદરથી બાપની વાતો સાંભળે છે. તો બહિર્મુખતાની આદતથી છૂટવા માટે અંદરથી અંતર્મુખી બનવું પડશે. અંદરમાં પણ બહારની વાતો વિચારવાની આદત છે, તો ચેક કરો આખો દિવસ શું કરીએ છીએ? સ્વપ્નોમાં શું કરો છો. ઊંઘ નથી આવતી તો બાબાને યાદ કરો. સ્વયંને જુઓ. જેટલો સમય સૂઈ જઈએ છીએ તેટલો સમય કમાણી તો થતી નથી. પહેલાં પહેલાં બાબા કહેતા હતા કે કોઈ પાપ કરો એના કરતાં તો સૂઈ જાઓ.

વાસ્તવમાં આપણને કોઈ ખરાબ ખ્યાલ આવી શકતો નથી. કોઈની સાથે બદલો લેવાનો ખ્યાલ આવી શકતો નથી. બહારથી હસે છે પણ અંદરમાં જુએ છે તો એવું લાગે છે કે એમની અંદર કંઈક બીજું જ છે. બહારથી હેલ્લો, ઓમશાંતિ કરે છે પણ અંદર કંઈક જુદું જ છે.

દરેક પોતાને પૂછે કે હું ખુશ છું? કારણ તપાસીએ તો જણાશે કે ખુશ ન રહેવાની આદત છે. જૂના કોઈ સંસ્કારો છે તો ખુશ રહી શકતા નથી. દિલ સાચું છે તો સાહેબ (બાબા) રાજી છે. ભગવાન પણ સર્ટિફિકેટ આપે કે મારો આ બાળક સંતુષ્ટ છે. ભગવાન વરદાન આપે કે સદા સંતુષ્ટ છે. ભગવાન વરદાન આપે કે સદા સંતુષ્ટ ભવ. જ્યારે શાંતિની ગહનતામાં જઈશું તો અંદરની સાચી શાંતિનો અનુભવ થશે. નિયમ પ્રમાણે શાંત રહેવાનો જે નિયમ છે તે તોડશો નહીં. એટલે શાંત રહેવાનું છે અને શાંત કરવાના છે.

॥ ઓમશાંતિ ॥

શાંતિ એ સ્વધર્મ આતમ,
સાર એ સમજી ગયા
તો ઝાંઝવાનાં નીરશા,
યત્નો બધા ટળી ગયા.

ચિંતનિકા

- **વર્તમાન સમયે આત્મામાં જે કમજોરીની વ્યાધિ છે તે કઈ છે ? વ્યર્થ સંકલ્પોમાં વ્યર્થ સમય ગુમાવવાની. જો વર્તમાન સમયે આત્મા કમજોર છે. તો આ બીમારીને કારણે કમજોર થઈ જાય છે. સદા હેલ્દી રહેવાથી સમય પણ બચી જશે. આપ પ્રેક્ટિકલમાં એવો અનુભવ કરશો. જેવો સાકાર રૂપમાં કોમન વાત વેરીફાય કરો છો. આ કોમન વાતને પ્રેક્ટીકલમાં ઓછી લાવો છો. (અવ્યક્તવાણી 14-06-72)**

પરમાત્મ ઊર્જા

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

મંથન કરવા માટે તો ઘણા ખજાના છે. એમાં મનને બીઝી (વ્યસ્ત) રાખવાનું છે. સમયની ગતિ તેજ છે. તો તે રીતે આપના પુરુષાર્થની ગતિ તેજ છે? જો સમય તેજ ચાલી રહ્યો છે અને આપનો પુરુષાર્થ ઢીલો હશે તો એનું શું પરિણામ આવશે? સમય આગળ નીકળી જશે અને પુરુષાર્થી પાછળ રહી જશે. સમયની ગાડી ઉપડી જશે. તેમાં જે બેસનારા હશે તે રહી જશે. સમયમાં વીતેલી વાતોને ભૂલવવાની તેજ શક્તિ છે. તે વાતને સમય ફરી રીપીટ કરે છે. તો પુરુષાર્થની જે ખામીઓ છે એને વીતેલી સમજીને દરેક પળે ઉન્નતિ પામતા જાઓ તો સમયની જેમ તેજ ચાલી શકો છો. સમય તો રચના છે. રચનામાં એ ગુણ છે તો રચયિતામાં તો હોવો જ જોઈએ. ડ્રામા ક્રિએશન છે તો ક્રિયેટરનાં બાળકો ક્રિયેશનથી ઢીલાં કેમ છે? એટલા માટે ફક્ત એ વાતનું ધ્યાન રહે કે જેવી રીતે ડ્રામામાં દરેક સેકંડ અથવા જે વાત વીતી તે ફરીથી રીપીટ નહીં થાય. ફરીથી 5000 વર્ષ પછી તે રીપીટ થશે. તે રીતે જ કમજોરીઓ વારંવાર રીપીટ કરો છો? તે કમજોરીઓ રીપીટ નહીં થાય તો પુરુષાર્થ તેજ બની જશે. જ્યારે કમજોરી સમેટાઈ જાય છે તો તેની જગ્યાએ શક્તિ આવી જાય છે. જો કમજોરીઓ રીપીટ થતી રહેશે તો આત્મામાં શક્તિ ભરાશે નહીં. એટલે જે વીતી ગયું તે વીતી ગયું. પછી તે વાત સંકલ્પમાં પણ આવવી નહીં જોઈએ. જો સંકલ્પ ચાલે છે તો તે વાણી અને કર્મમાં આવી જાય છે.

સંકલ્પને સમાપ્ત કરી દેશો તો તે વાણી અને કર્મમાં આવશે નહીં. પછી તો મન, વાણી અને કર્મ ત્રણેય શક્તિશાળી બની જશે. ખરાબ ચીજને સત્વરે ફેંકી દેવામાં આવે છે. પછી સમય પુરુષાર્થથી તેજ નહીં જાય. આપ સમયની રાહ જુઓ છો પણ અમે તો તૈયાર બેઠા છીએ. સમય આવે અને અમે જઈએ એવી અવસ્થા બની જશે. જો આપણે તૈયાર નહીં હોઈશું તો પછી સમય આપણા માટે થોડો થોભવાનો છે?

બાપનું નામ યાદ આવે તો પોતાને માસ્ટર જરૂર સમજો. નામ તો સૌને યાદ કરાવો છો. કેટલી વાર બાપનું નામ મનથી યા મુખથી ઉચ્ચારણ કરો છો. તો બાપના નામની જેમ હું પણ માસ્ટર ત્રિમૂર્તિ શિવ છું. આ સ્મૃતિમાં રહે તો સફળતા મળશે. તો સદા સફળતામૂર્ત બનો. અત્યારે સફળતા મેળવવાનો સમય નથી. જો દસ વાર સફળતા મળી પણ એકવાર અસફળ થયા તો તેને અસફળતા જ કહીશું. તો કર્તવ્ય અને સ્વરૂપ બન્ને સાથે સાથે રહે તો કમાલ થઈ જાય નહીં તો શું થાય છે મહેનત વધારે હોય છે પણ પ્રાપ્તિ ઘણી થોડી હોય છે. પ્રાપ્તિ ઓછી થવાને કારણે કમજોરી આવે છે. ઉત્સાહ ઓછો થઈ જાય છે. કારણ પોતાનું જ છે. પોતાના પગ પર સ્વયં કટારી ચલાવીએ છીએ. જો આપ જવાબદાર છો તો સદા એટેન્શન જોઈએ. તો આજે બીતીને બીતી કરીને, સ્મૃતિથી પોતાનામાં સમર્થી લાવીને સદા સફળતામૂર્ત બનો. પછી એ અંતર થાય છે. આજે ઉમંગ-ઉત્સાહ બહુ જ છે. કાલે પછી ઓછો થઈ જાય છે. આ અંતર પણ સમાપ્ત થઈ જશે. સદા ઉમંગ, ઉત્સાહથી સ્વયંમાં

(અનુસંધાન પેજ નં. 07 પર)

માનવ કલ્યાણમાં આપનું યોગદાન કયું છે ?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

કલ્યાણ થાય છે કર્મોથી. કર્મ અને સંસ્કારનો સંબંધ છે. સંકલ્પો સાથે. સંસ્કાર છે ગુપ્ત સંકલ્પ. સુખ દુઃખનો સંબંધ કર્મો સાથે જોડાયેલો છે. વિચાર અથવા સંકલ્પ વિશે જાણવું જરૂરી છે. વિચારમાં ત્રણ ચીજોનો સમાવેશ થાય છે. 1. ઈચ્છાઓ 2. સ્મૃતિઓ. (સ્મૃતિઓ આવશ્યક - અનાવશ્યક, વ્યક્ત - અવ્યક્તરૂપમાં હોય છે.) 3. સંવેગ તે પ્રેમના રૂપે યા ઘૃણાના રૂપે પણ હોય. આમ તો કેટલાય પ્રકારના વિચાર છે પણ અહીં આપણો સંબંધ ઉપરના ત્રણ સાથે છે.

સ્વયંના બદલાવાથી વિશ્વ બદલાશે. તેથી પહેલાં પોતાના વિચાર બદલો જે સારા ન હોય. પછી કહેવામાં આવે છે કે Example is better than perception અર્થાત્ વ્યવહાર અને આચરણ વ્યાખ્યાનથી શ્રેષ્ઠ છે. જેનું જીવન જ ખુલ્લી કિતાબ જેવું છે. જે વધારે બોલતો નથી પણ એનું જીવન જ બીજાઓ માટે પ્રેરણાદાયી બની જાય છે. આપણું જેટલું કલ્યાણ થશે એટલું વિશ્વનું થશે અને જેટલું વિશ્વનું કલ્યાણ થશે તેટલું આપણું થશે. એટલે કોઈએ કહ્યું છે કે વિચારો પર્વતોને પણ હલાવી શકે છે.

દુનિયામાં સૌથી શક્તિશાળી છે વિચાર. દા.ત. કોઈએ એટમ બૉંબ બનાવ્યો, કોઈએ તાજમહેલ. તો પહેલાં જરૂર એને વિચાર આવ્યો હશે. પણ આપણે વિશ્વ કલ્યાણ માટે સહયોગી બનીશું, જ્યારે આપણે દુનિયા માટે આદર્શ બનીશું, ઉદાહરણ મૂર્ત બનીશું. એટલા માટે આદર્શ અને શ્રેષ્ઠ વિચારો કરો.

આપણા સંકલ્પોમાં પરિવર્તન ત્યારે થશે જ્યારે આપણો સંબંધ કલ્યાણકારી, નિરાકાર પરમાત્મા સાથે હશે. પછી આપણે વિષય-વાસના, વૈભવો પાછળ ભાગીશું નહીં. પરમાત્માની યાદથી નિર્ણય પણ યથાર્થ થશે. જ્યારે આપણો એ નિરાકાર પરમપિતા પરમાત્મા સાથે સંબંધ હશે. પરમાત્માની યાદથી નિર્ણય પણ યથાર્થ થશે. કારણકે તેઓ બુધ્ધિવાનો કરતા પણ બુદ્ધિવાન છે. પ્રેમ આપણો પવિત્ર બની જશે. એટલા માટે પરમાત્માને કલ્યાણકારી કહેવામાં આવ્યા છે. કારણ કે તે આપણા વિચારોને બદલે છે. આ રીતે આપણે સ્વયંનું કલ્યાણ કરીશું અને બીજાઓનું કલ્યાણ કરીશું. આ સહયોગ હોય. સહયોગ શબ્દમાં જ 'યોગ' સમાયેલો છે. જ્યાં સુધી આપણો યોગ નહીં હોય તો સહયોગ આપી શકીશું નહીં. પરંતુ પરમાત્મા સાથે કોઈ યોગ કરી રહ્યું નથી. તેથી વિશ્વનું કલ્યાણ થઈ રહ્યું નથી. વિશ્વ કલ્યાણ માટે આપણો અસલ સહયોગ અથવા આપણું અસલ યોગદાન તો પરમાત્મા સાથે યોગ લગાવવામાં છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 14નું અનુસંધાન)... નિરાકારી બનવું છે. અનેક વર્ષોના પુરુષાર્થને કારણે હવે કોઈપણ આકર્ષણ રહ્યું નથી. આજે એટલી નેચરલ પવિત્રતા, સ્વયં ઉપર કન્ટ્રોલ આવી ગયો છે તેથી આપણે સલામત છીએ. કારણ કે નિરાકારી બનવું અર્થાત્ સર્વ પ્રકારના પ્રભાવોથી મુક્ત થવું.

॥ ઓમશાંતિ ॥

શક્તિશાળી મનનો આધાર ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

આપણે બહુ ધ્યાન આપવાનું છે કે આપણે મનથી કમજોર ના બની જઈએ. આ ઘણી મહત્ત્વપૂર્ણ વાત છે. એવા પોતાને શક્તિશાળી બનાવી લો. અને મનની આ સ્થિતિ આવશે ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગ દ્વારા. મનુષ્યની સામે પરિસ્થિતિ પણ આવે છે. કેટલાયે મનુષ્યોનો ભૂતકાળ ઘણો જ ખરાબ રહ્યો છે. કેટલાય મનુષ્યોનો વર્તમાન વ્યવહાર મધુર નથી મળી રહ્યો. સંબંધોમાં કડવાશ છે. અને કેટલાંયેનાં પ્રિયજન જઈ ચૂક્યાં છે. કેટલાક પશ્ચાતાપ કરે છે કે અમારી આ ભૂલના પરિણામ સ્વરૂપ અમારી વ્યક્તિ સંસારમાંથી ચાલી ગઈ. આપણે સ્વયંને માનસિક રીતે તંદુરસ્ત રાખવાના છે. ક્યાંય કોઈનો દોષ નથી. આ સંસાર એક ખેલની જેમ ચાલી રહ્યો છે. મૃત્યુ એક એવું સત્ય છે જેને જ્યારથી જાણ્યું છે. ઘણા લોકો અમે એવા જોયા છે. એક વ્યક્તિ હમણાં હમણાં જ ઓફિસથી આવી, કહ્યું બેટા પાણી આપ. પાણી પીધું અને ગયા. લોકો જોતા રહ્યા કે આ શું થઈ ગયું. ન કોઈ બીમારી, ન કોઈ પરેશાની. હાર્ટ પણ ઠીક હતું. કોઈ સમજી શક્યું નહીં. એમાં કોઈને દોષ આપી શકાય નહીં.

પોતાના મનને શક્તિશાળી રાખો. એને કદી નિરાશ થવા ન દો. કેટલીક ચીજોને સ્વીકારીને ચાલો, ભૂતકાળને ભૂલાવી દો. રસ્તો શોધી લેવો એ પરમ આવશ્યકતા છે. નો ડાઉટ, એક મા અને તેનાં નાનાં બાળકો હોય, એનો પતિ ચાલ્યો જાય તો એના જીવનમાં અંધકાર છવાઈ જાય છે. પરંતુ આ ખેલ, પ્રભુની લીલા જે ચાલી રહી છે તો તેનાથી એક રસ્તો બંધ થાય છે પણ બીજો ખુલી જાય છે. પોતાને સંભાળશોતો પરિસ્થિતિને સંભાળી શકશો. આ સ્લોગન આપ યાદ રાખો. તો પોતાના મનને સંભાળવાનું શીખી જાઓ. જે પોતાની મનોસ્થિતિને સંભાળી શકે છે તે પાવરફુલ છે. તેઓ ભાગ્યવાન છે. તેમની પરિસ્થિતિ જલદીથી સંભાળી શકીએ છીએ.

જે સમય આવી રહ્યો છે આગળનાં આઠ-દસ સાલોનો. એમાં દરેક મનુષ્યને ઘણું બધું જોવા મળશે. ઈશ્વરીય જ્ઞાન દ્વારા જાણીએ છીએ કે આગળના સમય માટે પ્રભુની યોજના કઈ છે? આપણે જાણીએ છીએ કે આ યુગ બદલાવાનો છે. એટલે ઘણું બધું બનશે જે તમારી કલ્પનામાં પણ નહીં હોય. જેના વિશે આપે સ્વપ્નમાં પણ વિચાર્યું નહીં હોય એને સ્વીકારીને જ આગળ વધવું પડશે. જેથી માનસિક રોગ કોઈને થાય નહીં. વધારે વિચારશો કે શું થઈ ગયું, મેં શું આવાં પાપકર્મો કર્યાં. હે ભગવાન તમે મને સજા શા માટે આપી? મેં તમારું શું બગાડ્યું હતું. એવું એવું પણ લોકો કહે છે. એમાં ભગવાનનો કોઈ દોષ નથી. તે તો આપણા માટે રસ્તો બનાવી રહ્યા છે. એમાં જોડાય જાઓ. એમનો આભાર માનો. નવો રસ્તો ખોલી દીધો. ભૂતકાળને સંપૂર્ણ રીતે ભૂલાવી દેવાનો છે. ભૂતકાળની વાતો માનસિક રોગની વૃદ્ધિ કરી રહી છે. કોઈની સાથેના સંબંધો નિષ્ફળ થઈ રહ્યા છે. વારંવાર યાદ કરે છે એણે આ આ વાયદાઓ કર્યા હતા. આ આ વચનો આપ્યા હતાં. જુઓ કેટલો પ્રેમ હતો પણ મને દગો આપ્યો. જ્યારે સમસ્યાઓ સામે આવે છે ત્યારે આંખો ખૂલે છે કે

અમે તો સમજી જ ના શક્યા. કારણ કે આ સંસારમાં પ્રામાણિકતા તો છે જ નહીં. એટલે સમજી વિચારીને આગળ વધો. નહીં તો આપ માનસિક રોગોના શિકાર બની જશો.

મનોવૈજ્ઞાનિકોએ સર્વે કર્યો તેનાથી જાણવા મળ્યું કે 70 ટકા લોકો ભૂતકાળમાં જીવી રહ્યા છે. કોઈ કહે છે 80 ટકા ભૂતકાળમાં જીવી રહ્યા છે. પરંતુ જ્યારે આપણે ઈશ્વરીય જ્ઞાન લઈએ છીએ તો આપણને વર્તમાનનો આનંદ લેવાની શક્તિ મળી જાય છે. આપણે ભૂતકાળને ભૂલવા લાગીએ છીએ. વર્તમાનમાં એટલું ઈશ્વરીય સુખ મળે છે કે પરમાત્માનો પ્રેમ મળવા લાગે છે. ભગવાન આવીને પોતાના બાળકોને સંભાળી રહ્યા છે. બળ આપી રહ્યા છે, જ્ઞાન આપી રહ્યા છે. બાળકો આ ના વિચારો આ વિચારો, જે કંઈ ભૂતકાળ વીતી ગયો છે, જે કંઈ તમારી સાથે બન્યું છે તે ભિન્ન ભિન્ન કર્મોનો ખેલ હતો. તે પૂરો થયો. આગળ વધો. કર્મોનો હિસાબ - કિતાબ ચૂક્તે થઈ ગયો. ભૂતકાળમાં જીવશો નહીં નહીંતર વર્તમાન સુખથી વંચિત બની જશો.

હું આપ સર્વને એ કહેવા ઈચ્છું છું કે ઈશ્વરીય જ્ઞાન લો, તનાવમુક્ત જીવન વ્યતીત કરો. નહીંતર વધતો જતો તનાવ આપને માનસિક રોગો તરફ લઈ જશે. ત્યારે કોઈ આપને બચાવી શકશે નહીં. અમે આપને પહેલાં પણ કહી ચૂક્યા છીએ. આ સમયે મનુષ્યનું મન ઘણું કમજોર છે. તે વધારે પ્રેશર સહન નહીં કરી શકે. એટલે પોતાના ઘરમાં પ્રેશરનું વાતાવરણ ન બનાવો. કેટલીક માતાઓ બાળકો પર બહુ પ્રેશર રાખે છે, અભ્યાસનું. તે થોડું હળવું બનાવે. હું એમ નથી કહેતો કે એમને અલબેલા બનવા દો, કેયરલેસ બનાવા દો. કેયરફુલ પણ કરો. સાવધાન પણ કરો પણ કદી પ્રેશરરાઈઝ ના કરો. બાળકો કોમળ હોય છે. અગર કોઈ વાત એના મગજમાં દબાઈ ગઈ, પ્રેશર આપી ગઈ તો એનો બુદ્ધિનો વિકાસ અટકી જશે. બાળકોને જ્યારે આપ ઊંઘમાંથી ઉઠાડો તો ત્રણ વાર એમના મુખેથી બોલાવડાવો કે હું બુદ્ધિવાન છું, બહુ શક્તિશાળી છું. હું તનાવમુક્ત છું. ત્રણ વાતો ત્રણ વાર ઉઠતાં જ બોલાવડાવો. સબકોન્સીયન્સ માઈન્ડ તેનો સ્વીકાર કરશે. અને ઘણી બધી વાતો સમાપ્ત થઈ જશે. તો પરિવારમાં માતાઓનું કામ છે, ભાઈઓનું તો છે જ. પણ હું માતાઓને કહું છું કે બહુ ખુશી અને આનંદનું વાતાવરણ બનાવી રાખો, પ્રેશરનું નહીં. તો આપના પરિવારમાં માનસિક રોગ ફરકશે જ નહીં.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... બ્રહ્માભોજનનો ખવડાવીએ છીએ એ ભાવ હોવો જોઈએ ત્યારે ભોગ લાવવાવાળા કે ટ્રસ્ટી બની ખવડાવવા-વાળાનું ભાગ્ય બનશે.

18. **બ્રહ્માબાબા હમેશા કહેતા હતા કે સેવામાં આવવાવાળું ધન અનેક પ્રકારનું હોઈ શકે છે. કોઈ પ્રેમ ભાવનાથી ધન આપે છે તો કોઈ મજબૂરીમાં ધન આપે છે, કોઈ દેખાવાથી ધન આપશે, કોઈ માન -શાન ખાતર ધન આપશે, ધન આપનારની વૃત્તિ કે ભાવના મિક્ષ હોઈ શકે છે. તેથી બ્રાહ્મણોના પેટમાં શુદ્ધ અન્ન જ જવું જોઈએ. માટે બાબાને ભોગ લગાવી ભોજનને શુદ્ધ બનાવી ખાવવું જોઈએ. શુદ્ધ અન્ન જ મનને શુદ્ધ, સ્વચ્છ તેમજ પવિત્ર બનાવે છે, જે ભગવાનને અતિ પ્રિય છે.**

॥ ઓમશાંતિ ॥

નિરાકારી બનવું અર્થાત્ સર્વ પ્રભાવોથી મુક્ત થવું

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

આ દુનિયા પાંચ તત્ત્વોની છે અને દુનિયામાં જેટલી પણ વસ્તુઓ છે, ચીજો છે, સાધન છે, વૈભવ, પદાર્થ છે તે શામાંથી બનેલાં છે. પાંચ તત્ત્વો (અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ)થી બનેલાં છે. આપણું શરીર પણ પાંચ તત્ત્વોથી બનેલું છે. આપણે આ બધાથી નિરાસક્ત બનવાનું છે. હું એનાથી અલગ છું. શા માટે બાબા આ તૈયારી કરાવી રહ્યા છે. કારણ કે બાબા આત્માઓને લઈ જશે. શરીરોને અહીં જ છોડવાનાં છે. તો જીવતાં જ આ પ્રેક્ટીસ કરવાની છે, દેહથી અલગ થવાની. આપણે વસ્ત્ર પહેર્યાં છે પણ એ સ્પષ્ટ છે કે આપણે વસ્ત્ર નથી. આપણે એનાથી અલગ છીએ. આ અભ્યાસ કરી તેની અનુભૂતિ કરવાની છે. આ તપ છે એને તપસ્યા કહેવામાં આવે છે. દેહ રૂપી ગુફામાં બેસીને તપસ્યા કરીએ છીએ.

આપણે ગૃહસ્થી નથી, સંસારી નથી આપણે પુરુષ નહીં આપણે રાજયોગી છીએ, તપસ્વી છીએ. આ જાગૃતિમાં, આ સ્મૃતિમાં આપણે રહેવાનું છે બાબા આપણને જ્ઞાન આપે છે આપણે પ્રેક્ટીસ કરવાની છે. તો જેટલા દેહભાનથી ન્યારા રહીશું તેટલી આપણામાં રુહાનિયત તથા અલૌકિકતા આવશે. લોકોને લાગે કે આ અલગ જ છે. એમની આંખો અલગ છે. એમનો ચહેરો અલગ છે. કારણ કે જે બોડી કોન્સીયશ થઈને બેસશે તે અલગ હોય છે. એમનું ન્યારાપણું એમના ચહેરા ઉપર દેખાય દેશે. જે ક્લાસમાં નિયમિત, સમયસર આવે છે એમના ચહેરા જુઓ. અને જે માત્ર ગુરુવારે ક્લાસમાં આવે છે. એમના ચહેરા જુઓ ઘણો તફવત દેખાશે. રોજની પ્રેક્ટીસ આપણને નિંદ્રાજીત બનાવે છે. તેનાથી આપણને કોઈ આળસ આવશે નહીં. દેહભાનથી ન્યારા રુહાની અવસ્થામાં જોવા મળશે. બાબા કહે છે કે તમે રુહાની બાળકો છો, રુહાની સેવાધારી છો. બાબા આમ એટલા માટે કહે છે કે આપણે નિરાકારી બનવાનું છે. દેહભાનથી મુક્ત થવાનું છે. નિરાસક્તપણું તપસ્યાનો પાયો છે. જ્યાં સુધી આપણે ડીટેચ નહીં થઈએ ત્યાં સુધી બાબા સાથે યોગ લાગશે નહીં. યોગ નિરાકાર સાથે કરવાનો છે. એના માટે આપણે સાકાર બાબાનો અભ્યાસ કરવાનો છે. જે પણ આસક્તિઓ છે તે આ એક જન્મમાં જ છોડી દેવાની છે.

યજ્ઞની સ્થાપનાના સમયે જ્ઞાન નહોતું. દરેક કર્મેન્દ્રિયો દ્વારા પાપ કર્યાં. કોઈએ યજ્ઞ વિશે ખોટી ભંભેરણી કરી. ક્યારેક લોકોએ કડવાં વચનો કહ્યાં. કર્મેન્દ્રિયોથી પાપ કર્યાં છે હવે પુણ્ય આત્મા બનવાનું છે.

જ્યારે મુખથી બજારનું ખાવાનું છોડી દીધું તો મનમાં શા માટે રાખીએ. આંખોથી ફીલ્મો જોવાની નથી તો જોયેલી ફીલ્મોને શા માટે યાદ કરીએ. વીતેલી વાતો હવે કરવાની નથી. તો બાબા આપણને સૂક્ષ્મતામાં લઈ જાય છે. આપણે પણ બાબાની સાથે સાથે ચાલીશું.

જુઓ બાબાએ સમગ્ર જ્ઞાન ભણાવી દીધું, ઈશ્વરીય જ્ઞાનનું ભણતર પૂરું થઈ ગયું છે. હવે તેને આચરણમાં લાવવાનું છે. સમય થોડો છે. બાબા આપણી પાસે લાંબા સમયથી તૈયારી કરાવી રહ્યા

(અનુસંધાન પેજ નં. 11 પર)

મર્યાદાની રેખામાં રહેવાથી જ ગ્રહચારી છૂટશે

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ

આજના સમયમાં સૌથી મોટું પ્રલોભન કયું છે? મોબાઈલનું. આ પ્રલોભનને કારણે આપણે બાબાને ભૂલી જઈએ છીએ. બાબાથી દૂર થઈ જઈએ છીએ. હવે તેઓ આપણાથી દૂર થઈ જાય છે તો મનનું લક્ષ્ય વિચલિત થયું. મનનું લક્ષ્ય વિચલિત થવાને લોકો જેમ તેમ બોલે છે. તો કેટલીક વાર જે પ્રલોભન છે તે નહીં મળવાને કારણે મન પરેશાન થઈ જાય છે. ધારણા કમજોર થઈ ગઈ. લક્ષ્મણ રામને શોધવા જાય છે ત્યારે સીતાજીને કહે છે કે આ લક્ષ્મણ રેખાથી બહાર જશો નહીં. ભલે હું જાઉં છું. પણ તમે અંદર રહેજો. સીતાએ કહ્યું બરાબર છે, હું રેખાની અંદર રહીશ. રાવણે જ્યારે જોયું કે લક્ષ્મણ રેખા ઘણી શક્તિશાળી છે તેથી હું અંદર તો જઈ શકીશ નહીં. તે રેખાની અંદર જવાની યુક્તિ વિચારવા લાગ્યો. એટલે એણે ભિક્ષુકનું રૂપ લીધું. એણે કહ્યું, મને ભિક્ષા આપો, થોડું કંઈક આપો. મદદ કરો. સીતા મદદ કરવા આવે છે ભિક્ષુકે કહ્યું કે હું અંદર આવી શકીશ નહીં. આપે બહાર આવવું પડશે. એનો ભાવાર્થ એ છે કે બાપ રહેમદિલ બનવા માટે જરૂર કહે છે, પરંતુ રહેમદિલ આત્મા બનો કોઈને મદદ કરવાની ભાવના રાખો છતાં ઈશ્વરીય મર્યાદાની અંદર રહો. બાબાએ આ શીખવાડ્યું છે. મર્યાદા ક્રોસ કરીને કોઈને મદદ કરવાનો પ્રયત્ન ના કરો. કારણ કે મર્યાદા ક્રોસ કરીને કોઈને મદદ કરવાનો પ્રયત્ન કર્યો, તો રાવણ જરૂર ઉઠાવી જશે.

તો રાવણની એન્ટ્રી અર્થાત્ કોઈને કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરવું. અમૃતવેળાથી લઈને રાત્રિ સુધી બાબાએ આપણને જે મર્યાદાઓ આપી છે તે મર્યાદાઓનું ઉલ્લંઘન કરો છો તો રાવણ આવી જાય છે. એટલે જો કોઈને મદદ કરવી છે તો મર્યાદાની રેખામાં રહીને કરો.

રાવણ જ્યારે સીતાને ઉઠાવીને લઈ ગયાં તો સીતાએ શું કર્યું. તે વખતે જટાયુ પણ મદદ કરવા આવ્યો, તો રાવણે તેને ઘાયલ કર્યો. અર્થાત્ સીતાને મદદ કરવા દેતો નથી. એ રીતે જેવા આપણે પરવશ થઈને, મર્યાદાની રેખા ક્રોસ કરીને મદદ કરીએ છીએ અર્થાત્ કોઈને કોઈ ગ્રહાચાર આવીએ છીએ. એનાથી આપણું પુણ્ય ક્ષીણ થાય છે. તો તે માટે શું કરવું પડશે? આવી વખતે સીતાજીએ શું કર્યું પોતાનાં ઘરેણાં ઊતારીને ફેંકવાનું શરૂ કર્યું. માટે કહેવાય છે કે 'દે દાન તો છૂટે ગ્રહણ.' તો યથાર્થ દાન કરવાનું શરૂ કરો.

ભલે 'જ્ઞાનદાન' કરો યા 'યોગદાન' કરો. ચાહે સહયોગ આપો, ચાહે સ્થૂલ ધન આપો. તો ગ્રહાચારી ઊતરશે. એટલે રાવણ સીતાને લઈ ગયો પણ તપને કારણે સીતાને પોતાના મહેલમાં રાખી ના શક્યો. સીતાને એણે બગીચામાં રાખવાં પડ્યાં. ત્યાર પછી સીતાને સ્પર્શ પણ કરી શક્યો નહીં. કારણકે સીતાજી પવિત્રતામાં મજબૂત હતાં. જે દાન કર્યું, ઘરેણાં ફેંકવાનાં શરૂ કર્યાં. એ દાનથી એટલું કહી શકાય કે કોઈ પણ આત્મા ખોટું કાર્ય કરી શકે નહીં. સીતાજીના ત્યાગને કારણે ત્રિજટા મળી ગઈ. જે સીતાજીની સહયોગી બની ગઈ. પુણ્ય કરવાથી આ પ્રાપ્તિ તો જરૂર થાય છે.

એના પછી રામ સીતાને શોધવા જંગલમાં

(અનુસંધાન પેજ નં. 26 પર)

સત્યતાનું ઉદાહરણ : રાજયોગિની સત્યવતીદીદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ

એ પણ કેટલું સુખદ આશ્ચર્ય છે કે વિશ્વમાં માત્ર ભારતને જ 'ભારતમાતાની જય'ના નારા સાથે માતા માનવામાં આવે છે, પરંતુ અન્ય કોઈ દેશને કોઈ માતા કેમ નથી કહેતું? કલ્પાંતના સમયે, ભગવાન શિવ ભારતની ભૂમિ પર અવતરીત થઈ માતાઓના માથે જ્ઞાનનો કળશ મૂકે છે. એ જ માતાઓ શિવશક્તિ અવતાર બની ભારતને સ્વર્ગ બનાવે છે. તેમની યાદમાં ભારતને માંનો દરજ્જો આપી 'ભારતમાતાની જય' બોલાવે છે, તે મહાન માતાઓની માળામાં એક અતિવિશેષ પરમાત્મા શિવની અલૌકિક રચના, સિંહણ શિવશક્તિ અવતાર હતા 'રાજયોગિની સત્યવતી દીદીજી !' આદર્શ ગૃહસ્થ આશ્રમનું ઉદાહરણ બની સામાન્ય લોકોને પ્રેરણા આપનાર 'સત્યવતી દીદીજી' સામાન્ય લોકો સમક્ષ 'સત્યતાનું ઉદાહરણ' સાબિત થયા. દીદીજીએ સચ્ચાઈ-સફાઈ અને દિલની શુદ્ધ ભાવનાઓથી પ્રભુનું દિલ જીતી લીધું, તેમનો નિઃસ્વાર્થ પ્રેમ દિલોને સ્પર્શતો રહ્યો. દીદીજીએ પોતાનું સર્વસ્વ માનવ સમાજની સેવામાં સમર્પિત કરી દીધું. દીદીજી તિનસુકિયા આસામ સબઝોન (અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મિઝોરમ) ના સંચાલિકા હતા.

સત્યવતી દીદીનો જન્મ 21 જાન્યુઆરી ૧૯૩૧ના રોજ કોલકાતાના એક ઉચ્ચ ધાર્મિક પરિવારમાં થયો હતો, તેમનાં જન્મથી જ લોકોને આભાસ થવા લાગ્યો હતો કે તે કોઈ સામાન્ય કન્યા નહિં પરંતુ દેવીનું જ રૂપ છે, તે ચોક્કસ અસાધારણ જીવન જીવશે. દીદીને બાળપણથી જ સચ્ચાઈ-સફાઈ અને ઈમાનદારી જેવા ગુણો પસંદ હતા. તેમની રુચિ પૂજા પાઠ કરવામાં અને શાસ્ત્રો વાંચવામાં હતી. દીદીના 13 વર્ષની ઉંમરે ભૂપ્રકાશ ગુપ્તાજી સાથે લગ્ન થયા અને દીદીની 17 વર્ષની ઉંમરે એક કન્યારત્ન 'આશા'નો જન્મ થયો. દીદી પોતાનો સંસાર કુશળતાપૂર્વક સંભાળવા લાગ્યા. દીદીને નાનપણથી જ ભગવાનને મળવાની ઈચ્છા હતી. સન્ 1958 માં તેમની નજીકના ગામમાં બે બ્રહ્માકુમારી બહેનો સત્સંગ કરાવી રહી હતી, તેઓ 'શિવ અને શંકરમાં અંતર' એ ચિત્ર પર સમજાવી રહી હતી. બહેનોનો રૂહાની નશો અને તેમની સમજાવવાની રીત અને જ્ઞાનની અમૃત-ધારા દીદીજીના અંતઃકરણને સ્પર્શી ગઈ. દીદીના અંતરમનમાંથી અવાજ આવ્યો, 'આ જ સત્ય છે' અને તેમને નિશ્ચય થયો કે આ જ્ઞાન મનુષ્યો કે શાસ્ત્રોનું નહિં પરંતુ ઈશ્વરે આપેલું છે... અહીંથી શરૂ થઈ તેમની આધ્યાત્મિક યાત્રા.

જ્ઞાનમાર્ગ પર પગ મૂકતાં જ દીદીની સામે અનેક વિઘ્નો આવ્યા. દીદીના લૌકિક પતિ બે ભાઈઓમાં નાના હતા, તેથી મોટા ભાઈ દ્વારા અનેક અવરોધો, પ્રતિબંધો આવ્યા અને વિષમ પરિસ્થિતિઓ સર્જાઈ. રૂઢિચુસ્ત પરંપરાગત નિયમોનું પાલન ન કરવાના કારણે દીદીને ઘર અને સમાજથી અલગ થવું પડ્યું. પરિવાર તરફથી ત્રાસ અને કલંકોનો પણ તેમણે સામનો કરવો પડ્યો. જેમ જેમ વિઘ્નો આવતા ગયા તેમ તેમ દીદીની લગન તીવ્ર થતી ગઈ, તેમનો જ્ઞાન અને પરમાત્મા પર વિશ્વાસ મજબૂત થતો ગયો અને જ્ઞાન-યોગની શક્તિથી સૂક્ષ્મ સાંકળોને કાપવામાં

તેઓ સફળ થતા ગયા. જે સત્યને તેઓ શોધતા હતા તે પરમસત્ય બાબા પાસે આવતા જ મળી ગયું. એક દિવસ પતિ 'ભૂપ્રકાશજી'ને શ્રી કૃષ્ણના સાક્ષાત્કાર થયા ત્યારે તેમણે દીદીને કહ્યું, 'મને તો ભગવાન મળી ગયા, હું અહીં જ રહીશ, તમે સેવાકેન્દ્ર પર જાઓ.' આખરે દીદીજી દીકરી 'આશા' સાથે નિર્મળશાંતા દાદી પાસે આવી ગયા અને કાયમ માટે બાબાના બની ગયા.

આવો, સાંભળીએ સાકાર બાબા સાથેની પર્સનલ મુલાકાતની વાતો સત્યવતી દીદીના શબ્દોમાં, 'હું સન્ 1961માં મધુબન આવી અને બ્રહ્માબાબા સાથે સાકારમાં મધુર મિલનનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું. અમે આવ્યા ત્યારે બાબા ધોબીઘાટ પર ઉભા હતા. મને જોતાં જ બાબાએ ગળે લગાડીને કહ્યું, 'આવી ગઈ મારી મીઠી, વહાલી દીકરી' બાબાના સ્નેહ ભર્યા શબ્દો સાંભળીને મને લાગ્યું કે આ જ મારું સર્વસ્વ છે. તે જ ક્ષણે, મારી બુદ્ધિનો લગાવ, ઝુકાવ ચારે બાજુથી સમાપ્ત થઈ ગયો. એકવાર હું ક્લાસમાં બાબાની સામે બેઠી હતી, ત્યારે લાગ્યું કે એક જ્યોતિ બાબામાં આવીને સમાઈ રહી છે, બાબાના મસ્તકમાંથી કિરણો નીકળી રહ્યા છે. ત્યારે મને દ્રઢ વિશ્વાસ થઈ ગયો કે શિવબાબા જ પોતે બ્રહ્માતનમાં અવતર્યા છે. આ પહેલા મને બ્રહ્મા-બાબા માટે પ્રેમ તો હતો, પરંતુ શિવબાબા બ્રહ્માબાબામાં આવે છે એ પૂરો વિશ્વાસ નહોતો. પરંતુ તે દિવસથી એવો અનુભવ થાય છે કે દુનિયાની કોઈપણ વ્યક્તિ મારા નિશ્ચયને હલાવી ના શકે.

એકવાર હું મારા ગામથી સવારે ક્લાસમાં જતી હતી ત્યારે રસ્તામાં એક ચોરે મારા ગળાની ચેઇન ખેંચી, મેં તેનો સામનો કર્યો, જ્યારે મેં બાબાને આ વાત કહી તો બાબાએ કહ્યું, 'આ તો મારી સિંહણ દિકરી છે, તે ગુંડાનો સામનો કરીને આવી છે.' ત્યારથી કોઈનો ડર નથી રહ્યો, હું નિર્ભય બની ગઈ અને એવું જ લાગે છે કે બાબાના આશીર્વાદનો હાથ હંમેશા મારા માથા પર છે. સન્ ૧૯૬૫માં મમ્મા અવ્યક્ત થયા ત્યારે બાબાને ડ્રામાનાં પાટા પર અટલ-અડોલ જોયા. બાબા બાળકોને ધીરજ આપતા હતા કે ડ્રામામાં હશે તો તમારી માં પાછી આવી જશે. બાબા જાણે બિલકુલ નિશ્ચિંત હતા. બાબા અશરીરી સ્થિતિનો અભ્યાસ કેવી રીતે કરતા એ પણ પ્રેક્ટિકલમાં જોયું. એકવાર બાબા સૂતા-સૂતા અખબાર વાંચી રહ્યા હતા. જોત-જોતામાં બાબા એકદમ સાઈલેંસમાં જતા રહ્યા, હું સામે ઊભા રહીને બાબાને જોઈ રહી હતી કે બાબાને શું થઈ ગયું? થોડીવાર પછી બાબાએ પલકારો માર્યો એટલે સમજાયું કે બાબા અશરીરી સ્થિતિમાં હતા. બાબાને બાળકોને જ્ઞાનરત્નોથી શણગારવાનો, રૂહાની પાલના આપવાનો, ગુણોંથી ભરપૂર બનાવવાનો, બાળકોને ઓલરાઉંડર બનાવવાનો ખૂબ જ શોખ હતો. બાબાની દૃષ્ટિ સર્ચલાઈટનો અનુભવ કરાવતી હતી. મોટી ઉંમર હોવા છતાં, બાબા એવું ચાલતા જાણે ફરિશ્તા હોય. બાબાનો દરેક પ્રત્યેનો દૃષ્ટિકોણ સમાન અને આદરપૂર્ણ હતો.

એક દિવસ બાબાએ પૂછ્યું, ' દીકરી, મધુબનમાં બાબા પાસે રહીશ?' મેં તરત જ હા કહી, સચ્ચાઈને કારણે મને સાકાર અને નિરાકાર બંને પિતાઓનું સાંનિધ્ય મળ્યું. હું બાબાના શ્રીમતનું ખૂબ જ ગંભીરતાથી પાલન કરતી અને ધારણ પણ કરતી. બાબા પણ મારા પર ખૂબ પ્રેમ વરસાવતા. મને બાબા માટે ભોજન બનાવવાનો પણ સુઅવસર મળ્યો. બાબા ભોજન કરતા ત્યારે મને તેમની સાથે અવશ્ય જમાડતા, એક પણ દિવસ એવો નહોતો કે બાબાએ મારા મોંમાં ભોજનનો કોળીયો ન આપ્યો હોય. જેમ

બાળપણમાં બાળકને કોઈ લાડ પ્યાર કરે છે, તેવી જ રીતે, બાબા મારા માથા પર પોતાનો વરદાની હાથ ફેરવી એટલો પ્રેમ કરતા, જાણે હું નાની બાળકી હોઉં. હું બાબાની સ્નેહસભર મધુર શિક્ષા અને શ્રીમતની છત્રછાયા હેઠળ આગળ વધતી રહી. એકવાર હું કોલકાતાથી પોતાના હાથે ગોલગપ્પા (પાણીપુરી) બનાવીને સાથે લઈ ગઈ અને બાબાને ખવડાવ્યા હતા. બાબા ખૂબ ખુશ થયા અને કહ્યું કે બીજા બાળકોને પણ બનાવીને ખવડાવો. તેથી હાંજીનો પાઠ પાક્કો કરી, મેં એકલા હાથે ગોલગપ્પા બનાવીને દોઢસો યજ્ઞવત્સોને ખવડાવ્યા. તેથી બાબા મને 'ગોલગપ્પા' દીકરી કહીને સ્નેહ પણ આપતા હતા. તેવી જ રીતે, એકલીએ જ એક દિવસમાં 40 કિલો બટાકાની ચિપ્સ બનાવી.

એકવાર તે બાબા સાથે ઝૂલતી હતી ત્યારે બાબાએ પૂછ્યું, 'દીકરી, કોની સાથે ઝૂલી રહી છે?' મને લાગ્યું કે હું નાના મિચનુ (નાના બાળકને મિચનુ કહે છે) શ્રી કૃષ્ણ સાથે ઝૂલતી હતી. બાબા કેટલા નિરંહકારી હતા! જ્યારે બાબા મુરલી ક્લાસમાંથી ઉભા થતા, ત્યારે બાળકોને નમસ્કાર કરતા કરતા તેમની તરફ પીઠ ફેરવ્યા વિના તેઓ દરવાજા સુધી જતા અને બહાર નીકળી ફરીને ચાલ્યા જતા. એકવાર હું અમૃતવેળાએ 3.30 વાગ્યે બાબા પાસે ગઈ, બાબા ગાદી પર બેઠા હતા. જેવી હું અંદર પ્રવેશી કે તરત જ બાબાએ મને ગળે લગાડી તો લાગ્યું કે બાબા જાણે શક્તિશાળી ફરિશ્તા અને રૂ જેવા હળવા છે. બાબાનાં હાડ-માંસના શરીરનો અનુભવ જ ન થયો. બાબા મને હંમેશા 'ફુલ દીકરી' કહેતા. એકવાર હું બાબાને મળી રહી હતી ત્યારે બાબાએ કહ્યું, 'દીકરી, તારા જેવી એક ડઝન માતાઓ મળી જાય તો બાબાનું કામ ઝડપથી થઈ જાય.' તે પછી હું કોલકાતા ગઈ અને ટિબરેવાલ ધર્મશાળામાં પ્રદર્શની કરી, તેમાંથી એક ડઝન માતાઓ નિશ્ચયબુદ્ધિ બની, આમ બાબાના મહા-વાક્યો વરદાન બની ગયા.'

દીદી દિલ્હી પાંડવ ભવનમાં પણ સેવાર્થે ગયા, ત્યાંથી મનમોહિનીદીદી તિનસુકિયા લઈ ગયા, સન્ 1975માં તિનસુકિયામાં એક આધ્યાત્મિક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બ્રહ્માકુમારીઝનાં પણ પંડાલ હતા. પ્રકાશમણિ દાદી, કુંજદાદી, રાજબહેન, ક્વીન મધર, શીલેન્દ્રાદાદી અને ઘણા મહારથીઓ આવ્યા હતા. થોડા દિવસોમાં સારી સેવા થઈ. મનમોહિની દીદીએ આસામની સેવા માટે સત્યવતીદીદીની નિમણૂંક કરી અને કહ્યું, 'સત્યા, તારે તિન-સુકિયામાં રહીને ઘરે-ઘરે બાબાનો સંદેશ પહોંચાડવાનો છે.' વડીલોની આજ્ઞાને પ્રભુ પ્રસાદ માની, સત્યવતીદીદી તિનસુકિયામાં સેવા આપતા રહ્યા. આસામમાં આ પહેલું સ્થાન હતું, જ્યાં અગાઉ ન તો ગીતા પાઠશાળા હતી કે ન તો કોઈ સેન્ટર હતું. ઘણા પ્રયત્નો પછી એક શાળા મળી, ત્યાં 3 મહિના રહ્યા પછી, મુરલી ક્લાસ શરૂ થયો. પછી કિશનલાલ રાસીસિયા નામના ભાઈએ પોતાનું ગોદામ આપ્યું. દીદી ગોદામમાં રહીને ત્યાં જ ક્લાસ કરાવવા લાગ્યા. ગોદામને ફક્ત એક જ દરવાજો હતો. તેમાં કોઈ બારી નહોતી, રૂમ નહોતો, ટોઈલેટ નહોતું, બાથરૂમ નહોતું. લાઈટ કે પંખા પણ નહોતા. છત પણ લોખંડનાં પતરાથી બનેલી હતી - જે તડકામાં ખૂબ તપતી હતી. ઉનાળામાં રાત્રીના સમયે ગેટ બંધ કરે તો ગરમીમાં ગૂંગળામણ થાય અને શ્વાસ લેવામાં તકલીફ પડતી. હવા આવવા માટે નાનું કાણું પણ નહોતું. એવું લાગતું જાણે ગુફામાં બેઠા છીએ. દીદી ફાનસ સળગાવી બેસીને રાત વિતાવતા. સ્થૂળમાં

કર્મણા સેવા પણ તેઓ એકલાં કરતા, તેથી ઘણી સમસ્યાઓ આવતી. બાદમાં નિર્મળશાંતા દીદીએ કોલકાતાથી એક માતાને મોકલ્યા તો ત્રણ મહિના સુધી સારી સેવાઓ થઈ.

તે સમયે બ્રહ્માકુમારીઝનું નામ એટલું પ્રસિદ્ધ નહોતું તેથી વિરોધનો પણ સામનો કરવો પડ્યો. સત્યવતીદીદીએ એક જગ્યાએ પ્રદર્શની લગાવી, વિરોધી લોકોને ખબર મળતાં જ તેઓ પ્રદર્શનીનાં સ્થળ પરથી ચિત્રો ઉખાડીને બ્રહ્મા-વત્સોને ભગાડવા તૈયાર થઈ ગયા. તેમાંથી બે વ્યક્તિઓએ સંસ્થા વિશે પૂછપરછ કરી. દીદીએ સર્વશક્તિમાન શિવબાબાને યાદ કરીને કેટલાક ચિત્રો સમજાવ્યા તો તેઓને જ્ઞાન સમજાવા લાગ્યું, 30 મિનિટ સુધી ઊંડાણપૂર્વક સમજ્યા પછી તેઓએ કહ્યું, 'બહેન, નિશ્ચિંત થઈને પ્રદર્શની કરો, તિનસુકિયામાં તમને કોઈ રોકશે નહીં.' શરૂઆતમાં દીદી એકલા હતા, તેમની પાસે કોઈ સેવાધારી નહોતા, કોઈ સાધન નહોતું અને કોઈ મિલકત નહોતી. પણ દીદી બહાદુર બની એકમાત્ર સ્વસ્થિતિ અને બાપદાદાની મદદથી ચાલતા રહ્યા. આમ, ઉપલા આસામમાં પહેલું સેવાકેન્દ્ર તિનસુકિયામાં ખૂલ્યું, પછી તો ડિબ્રુગઢ, ડિગ્બોઈ, શિવસાગર, જોરહાટ તથા અરુણાચલ, નાગાલેન્ડ અને મિઝોરમ આ રાજ્યોમાં પણ અનેક સેવાકેન્દ્રો ખોલવામાં દીદી નિમિત્ત બન્યા.

એકવાર સત્યવતીદીદી અને નિર્મળશાંતા દાદીજી મુઝફ્ફરપુર ગયા હતા. સદગુરુવારનાં દિવસે નિર્મળશાંતા દાદીજીએ કહ્યું, 'બાબા પાસે ભોગ લઈને જાઓ.' દીદી ધ્યાનમાં નહોતા જતા તેથી તેમણે કહ્યું, 'હું કેવી રીતે ભોગ લઈને જઉં?' પછી પરદાદીજીએ દીદીને સંદલી પર બેસાડ્યા, થોડીવાર પછી દીદી ધ્યાનમાં ગયા. ધ્યાનની સ્થિતિમાંથી પાછા ફર્યા બાદ પટનાની વાતો અને કેટલાક ભાઈઓના નામ બતાવ્યા જે બાબાએ વતનમાં બતાવ્યા હતા. પછી દીદીને ખબર પડી કે તે ધ્યાનમાં ગયા હતા. દીદીજીને મધુબન, કોલકાતા અને અન્ય સ્થાનો પર ભોગ લગાવી સંદેશ લાવવાનો મોકો મળ્યો, બાબા-મમ્મા અવ્યક્ત થયા પછી, બાબાએ સંદેશો આપવો હોય તો બાબા સંદેશીના શરીરમાં આવતા, આ પાર્ટ પણ 2 - 3 વાર દીદીને મળ્યો. કોલકાતા મ્યુઝિયમના નિર્માણ સમયે, બાબાએ દીદી દ્વારા દિશા નિર્દેશ આપ્યા, દીદીને સાક્ષાત્કારમાં સુંદર દ્રશ્યો બતાવી બાબાએ ઘણા રાજ ખોલ્યા.

દીદીજી સાથે રહીને તેમના દ્વારા મળેલી પાલનાનું વર્ણન બ્ર.કુ.વિનોદભાઈ આ રીતે કરે છે, 'આદરણીય દીદી પાસેથી 42 વર્ષ સ્નેહભરી પાલના મેળવી. બાપદાદાની પાલનામાં ઉછરેલા દીદીજી અમને બાપદાદાની નજીક લાવ્યા અને જીવન શક્તિશાળી બનાવ્યું. દીદીજીનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવશાળી હતું, તેમના ચહેરાથી દિવ્યશક્તિની અનુભૂતિ થતી હતી. એકવાર હું દીદીને ડિમાપુરથી જોરહાટ કાર ચલાવીને લઈ જઈ રહ્યો હતો. સવારનો સમય હતો, જોરહાટ નજીક પહોંચવાના જ હતા, પરંતુ અચાનક એક વૃદ્ધ માતા કારની સામે આવી, તેને કારની ઠોકર લાગી અને બેભાન થઈ ગઈ. તે ગામડાનો વિસ્તાર હતો, ગામનાં લોકો લાકડીઓ અને પથ્થરો લઈને આવ્યા અને અવાજ કરવા લાગ્યા, પરંતુ જેવી તેમની નજર આગળની સીટ પર બેઠેલા દીદી પર પડી તો તેઓ એકદમ શાંત થઈ ગયા, જાણે તેઓને કોઈ દેવીનો સાક્ષાત્કાર થયો હોય. ત્યારબાદ ગ્રામજનોએ મદદ કરી અને માતાને હોસ્પિટલ લઈ ગયા. આવી પહાડ જેવી મોટી દુર્ઘટના રાઈ સમાન થઈ ગઈ. દીદીની સામે કોઈ પણ આવે તો તેને અપાર શાંતિ અને શક્તિનો અનુભવ થતો હતો.

આઈજોલની નર્મદાબહેન દીદીની વિશેષતા વર્ણવે છે, 'દીદીને યજ્ઞ પ્રત્યે અપાર શ્રદ્ધા અને પ્રેમ હતો, જો ચાર બહેનો હોય અને બે રોટલી વધી હોય તો દીદી રોટલીના ચાર ટુકડા કરીને ચારેય બહેનોને ખવડાવતા અને કહેતા - આ યજ્ઞનું અન્ન છે. દીદીને જ્ઞાનમાં આવ્યા ત્યારે સેન્ટરના તવામાં તળિયે ચોંટેલ શાક કે ભાત નાની ડબ્બીમાં લાવી યુક્તિથી તેને ઘરના ભોજનમાં ભેળવી દેતા, જેથી યજ્ઞનાં અન્નથી પરિવારનું મન બદલાઈ જાય - આ હતી દીદીની બ્રહ્માભોજન પ્રત્યેની ઉંચી ભાવના! દીદી અમૃતવેળા કરી પાંચ વાગે તૈયાર થઈ જતા અને બાબા પાસે દૃષ્ટિ લઈ મુરલી સંભળાવતા અને દૃષ્ટિ આપી બદામ આપતા. દીદી સ્વાગત પણ દૃષ્ટિથી અને વિદાય પણ દૃષ્ટિથી કરતા. તે દરેકનો પાર્ટ સાક્ષી દ્રષ્ટા બની જોતા, કોઈના પ્રભાવમાં ના આવતા. કોઈ બીમાર હોય તો શુભ-ભાવના રાખી કહેતા, 'તેમનો હિસાબ-કિતાબ છે.' જો પ્રભાવથી ચહેરો બદલાઈ જાય તો કહેતા, 'પરિસ્થિતિના પ્રભાવમાં કેમ આવો છો? બાબાને સામે રાખી અવસ્થા સારી રાખો.' પવિત્રતાનું વ્રત ખૂબ જ નિશ્ચયથી પાક્કું કરાવતા. એકવાર મધમાખીએ મારા માથાના પાછળના ભાગે ડંખ માર્યો, મેં દીદીને પૂછ્યું, 'માથાના પાછળના વાળ કાપુ?' તો તેમણે કહ્યું, 'તમારે જાપાની ઢીંગલી બનીને ફરવુ છે?' તેમને વાળ કાપવા, ફેશન કરવી પસંદ ન હતું. દીદી નામ-માન-શાનથી દૂર રહેતા, તેમને ફોટો પડાવવો ગમતો નહિં. સેવાનું વર્ણન કરતાં દીદી કહેતા - સેવાની ગણતરી નહીં કરો, બાબાએ સેવા કરાવી, તન-મન-ધન સફળ થયું, પુણ્ય જમા કર્યું, વારંવાર વર્ણન કરીને જમા થયેલું પુણ્ય નષ્ટ નહિં કરો. દીદી પોતાના માટે ક્યારેય 'હું કે મારું' શબ્દપ્રયોગ કરતા નહિં, 'હું'ને બદલે 'આ કે આને' કહેતા, દીદી હું અને મારાપણાથી હંમેશા મુક્ત હતા.

મુજ આત્મા(લેખક)ને પણ સત્યવતી દીદીજીના સ્નેહ-સાનિધ્યમાં રહેવાનું અહો સૌભાગ્ય મળ્યું. દીદીજીનાં આગ્રહથી તિનસુકિયા સેવા માટે જવાનું થયુ. ટ્રેનમાં ન્હાતી વખતે પાણી જવાથી મારો મોબાઈલ બંધ થઈ ગયો - દીદીને આ વાતની જાણ તિનસુકિયા પહોંચ્યા કે તરત જ થઈ, તો દીદીએ મને તરત મોબાઈલ અપાવ્યો, મોબાઈલ લેવામાં મને સંકોચ થયો, હું સસ્તો મોબાઈલ ખરીદવા માંગતો હતો, પણ દીદીએ મને સારી ક્વોલીટીનો મોબાઈલ અપાવ્યો, આ હતી તેમની ઉદારતા. બે સપ્તાહનાં સાંનિધ્ય દરમ્યાન સત્યવતી દીદીના વ્યક્તિત્વમાં બાબા-મમ્મા અને દીદી-દાદીના દિવ્ય ગુણો પ્રત્યક્ષ જોયા. બ્રહ્મા-બાબા સમાન બાળકોને સેવાનું ખુલ્લું આકાશ આપી ઊંચે ઉડાડવાનો દીદીમાં મેં જુસ્સો જોયો. માતેશ્વરી જેવી તપસ્વી દીદીની તેજસ્વી સૂરતમાં ગંભીરતા અને સીરતમાં દિવ્યતાના દર્શન કર્યા. સત્યવતીદીદીને મનમોહિનીદીદીની જેમ સ્નેહ અને શક્તિ (લવ અને લો)ના સંતુલનથી બ્લેસિંગ (આશીર્વાદ) દેતા-લેતા જોયા. 'કુમારોની કુમારકા' પ્રકાશમણી દાદીની જેમ કુમારો પર અપાર પ્રેમ વરસાવી તેમને શાંતિદૂત બનાવવાની કળા પણ સત્યવતી દીદીમાં જોઈ. દીદીનું આભામંડળ(ઓરા) ખૂબ જ વિશાળ હતું. તેમના ચહેરા પર તપસ્યાનું નૂર(તેજ) ઝળકતું જોયું. આવી સ્નેહ-શક્તિ અને સત્યતાની મૂર્તિ સત્યવતી દીદીજી 9 એપ્રિલ, 2021ના રોજ અમૃતવેળાએ દેહ ત્યાગ કરી બાપદાદાની ગોદમાં સમાઈને અવ્યક્ત વતનવાસી બની ગયા. અમારા શત્ શત્ નમન...

॥ ઓમશાંતિ ॥

અનુવાદ- બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

ભગવાનને પ્રિય એવા શુદ્ધતા, સ્વચ્છતા અને પવિત્રતાથી સંપન્ન

બ્રહ્માભોજનનો મહિમા

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

મેં જયારે જ્ઞાનમાં પા ડગલાં ભરવાનું ચાલુ કર્યું ત્યારે કેટલીક વાતોથી મન અચંબિત રહેતું. જેમ કે મારા મનમાં હંમેશા વિચાર ચક્ર ફરતું રહેતું કે બ્રાહ્મણોનું 75 ટકા જીવન ભંડારામાં જ પસાર થાય છે. કેટલાક મોટા સ્થાન પર તો માતા-બહેનોની ટીમ સતત ભંડારામાં સેવારત હોય છે. અમૃતવેળા હોય તો પણ ભંડારામાં કૂકરની સીટી વાગતી મેં સાંભળી છે. એટલે મનમાં વિચાર ચક્ર સતત ફરતું રહે. આગળ જતા વાત ગળે ઉતરી કે યોગ અને અન્ન વચ્ચે ગાઢ સંબંધ છે. જેવું અન્ન તેવું મન. **મનની સ્વચ્છતા, શુદ્ધતા અને પવિત્રતા કેળવવા માટેની વિધિ એટલે ભોગ, ટોલી અને બ્રહ્માભોજન** અત્રે ભગવાનને પ્રિય સ્વચ્છતા, શુદ્ધતા, પવિત્રતા અને અન્ન વચ્ચેના સંબંધ ઉપર વિચાર સાગર મંથન પ્રસ્તુત છે.

પરમપ્યારા બાપદાદાના મુખેથી બે શબ્દો સાંભળ્યા છે. **1. શિવબાબાની ભંડારી અને 2 . બ્રહ્માબાબાનો ભંડારો.** પ્યારા બાબાના ડાયરેક્શન મુજબ બ્રાહ્મણોની આજીવિકા શિવબાબાની ભંડારીથી થઈ રહી છે અને બ્રહ્માબાબાના ભંડારાથી ભોજન ખાઈ રહ્યા છે. તેથી બ્રહ્માભોજન કહેવાય છે. વળી બ્રહ્માભોજન બનાવનાર બ્રહ્મચારી અને બ્રહ્માચારી હોય એ વિશેષતા માત્ર યજ્ઞમાં જ જોવા મળે છે. બ્રહ્મમાં જે આત્માની સ્થિતિ છે તે આચરણમાં હોય તે બ્રહ્મચારી, અર્થાત આત્માની બ્રહ્મલોકમાં જે પવિત્ર અવસ્થા છે તે અહિયાં અનુભવ કરવી. હું આત્મા શરીરથી ન્યારી સૂક્ષ્મ ચેતના છું, આત્મિક સ્વરૂપે આપણે સૌ ભાઈ-ભાઈ છીએ. એ શ્રેષ્ઠ વૃત્તિ, સ્મૃતિ અને આચરણમાં હોય તે બ્રહ્મચારી અને બ્રહ્માબાબાએ જે કર્મ કર્યા છે તેને અનુસરવું તે બ્રહ્માચારી. વળી મનસા સ્તરે પરમાત્માની સ્મૃતિ, સ્નેહ સંપન્ન ભાવના હોય તો બ્રહ્માભોજનમાં પરમાત્મ શક્તિ ભરાય. તેથી બ્રહ્માભોજનનો મહિમા અતુલ્ય છે.

સાકાર બાબા કહેતા કે શિવબાબા તો નિષ્કામી છે. છતાંય શિવબાબાને ભોગ સ્વીકાર કરાવ્યા પછી જ ભોજન ખાવું જોઈએ. કારણ કે આપણી પાસે જે કંઈ છે તે બાબાએ આપેલું છે. બાબા તો નિષ્કામી છે, એ ખાતો નથી પણ વાસના તો લેશે ને. સાકાર બાબા આગળ સૂક્ષ્મ વાત સમજાવતા કહે છે કે બાબા તો સંપૂર્ણ પવિત્ર છે અને આપણે પતિત છીએ. છતાંય બાબા વાસના લે, એ ત્યારે જ શક્ય છે જયારે ભોજન બનાવનાર ઓછામાં ઓછા 75 ટકા ધારણાવાળા હોય. માટે જ કહેવાય છે કે બ્રહ્માભોજન માટે દેવતાઓ પણ તરસે છે. **વળી પ્યારા બાપદાદાએ બાળકોને ભંડારા અને ભંડારીને ભરપૂર રાખવાની સરળ વિધિ બતાવતા કહ્યું છે કે સમર્પિત છો કે ગૃહસ્થી છો હમેશા એક વાત બુદ્ધિમાં યાદ રાખશો કે હું નિમિત્ત છું, હું ટ્રસ્ટી છું. સેન્ટર કે પ્રવૃત્તિ શિવબાબાની છે. મારાપનનો ભાવ ભંડારા અને ભંડારીને ખાલી રાખશે અને નિમિત્ત ભાવ કે ટ્રસ્ટી ભાવ ભંડારા અને ભંડારીને ભરપૂર રાખશે.**

ઉપરોક્ત વાતોને ધ્યાનમાં લઈએ તો બન્નેને તન, મન કે ધનની સ્વચ્છતા, શુદ્ધતા અને પવિત્રતા પ્રિય છે.

ભોગ કે બ્રહ્માભોજન કે ટોલીનું ખુબ જ મહત્વ છે. પ્રેમથી ભોગ બનાવનારને દુઆઓ પ્રાપ્ત થાય છે, ભોગ અલૌકિક પરિવારમાં સ્નેહ વધારે છે, ભોગ કર્મયોગી બનવા માટે સહયોગી બને છે, ભોગ સેવાધારીઓની કર્મેન્દ્રિય શુદ્ધ બનાવે છે, ભોગ યોગીઓને સહયોગી અને સહયોગીને યોગી બનાવે છે, ભોગ આરોગવાથી શરીર તંદુરુસ્ત બને છે, શક્તિ મળે છે અને ભોગ કોઈના માટે દવા પણ બને છે.

ભોગ કેવી રીતે દવાનું કામ કરે છે કે ભોગમાં અદભુત તાકાત છે? એ મારા અનુભવથી સ્પષ્ટ થઈ જશે. 1996ની વાત છે. બાબાના શ્રીમત પ્રમાણ મેં બહારનું ખાવાનું બંધ કરી દીધું. ઘરે જ સ્ટવ પર ભોજન બનાવવાનું શરૂ કર્યું. મને ભોજન બનાવતા આવડતું ન હતું. તેથી હું જે કઈ બનાવું તે ક્યારેક કાચું હોય તો ક્યારેક દાઝી ગયેલું હોય. છતાં હું ખૂબ જ પ્રેમથી ખાતો હતો. પરંતુ શરીરમાં કમજોરી આવવા લાગી. શરીરમાં પરિવર્તન આવ્યું. હું જે પણ ભોજન ખાતો અથવા ચા કે દૂધ પીતો તરત જ ઉલ્ટી થઇ જતી. થોડા દિવસો પછી તો લોહીની ઉલ્ટી થવા લાગી હતી. શરીરમાં કમજોરી આવી ગઈ. હું આબુરોડમાં એકલો રહેતો. સતગુરુવારે મનમાં સેન્ટર પ્રત્યે ગાઢ ખેંચાણ થઈ રહી હતી. મારા ઘરમાલિકને કહ્યું કે મારા માટે રીક્ષા બોલાવી આપો. તેઓ મને ના પાડતા હતા છતાં મારી જીદ્દના કારણે તેઓએ મને રીક્ષા કરી આપી. હું સંગમ ભવન પહોંચ્યો. બાબાને ભોગ લાગતો હતો. ભોગ પછી આદરણીય પાલુ દાદી સૌને અમૃત પીવડાવી હાથમાં ભોગ આપતા હતા. હું છેલ્લે દાદી પાસે ગયો. દૃષ્ટિ લીધી પણ અમૃત કે ભોગ માટે મેં ના પાડી દીધી. દાદીએ કારણ પૂછ્યું. મેં મારો અનુભવ અને સ્વાસ્થ્ય અંગેની વાત કરી. દાદીજીએ દૃષ્ટિ આપી અને અમૃત પીવડાવ્યું. અદભુત અનુભવ હતો એ. દાદીજીએ મારો હાથ પકડ્યો. મને ડાઇનિંગ ટેબલ પર બેસાડ્યો. દાદીજીએ જાતે થાળી પીરસી. બે ત્રણ માલપુઆ, બટાકાની સૂકી ભાજી, ત્રણ પરાઠા અને ગ્લાસ ભરી ચા. દસેક દિવસ ભૂખ્યા રહ્યા પછી આટલું બધું ખાવાની તાકાત કોઈની હોય? પરંતુ ભોગની એ તાકત હતી, બાબાનો પ્યાર હતો, દાદીજીની શ્રેષ્ઠ ભાવના હતી. મેં બધું જ ખાઈ લીધું. ભોગ મારા માટે દવા સાબિત થઇ. માટે હું અનુભવથી કહું છું ભોગ હોય કે બ્રહ્માભોજન કે ટોલી દિલથી આદર કરવો જોઈએ. કારણ કે કલ્પમાં એક જ વાર બ્રહ્મા ભોજન ખાવાની આપણને સુવર્ણ તક મળે છે.

બ્રાહ્મણો માટે અતિ મૂલ્યવાન ભોગ કે બ્રહ્મા ભોજન માટે બાપદાદાએ જે ડાયરેક્શન આપ્યું છે તેના મહત્વના મુદ્દા અત્રે પ્રસ્તુત છે.

1. મનને શુદ્ધ, પવિત્ર બનાવવા માટે મલેચ્છ ભોજન આરોગવું ન જોઈએ. માંસાહાર, દારૂ, તમાકુ, ગુટખા, મસાલા, બીડી, સિગારેટ, લસણ, ડુંગળી વિગેરે મનને તમોપ્રધાન બનાવે છે. તેથી તામસિક પદાર્થો ના લેવા જોઈએ.

2. ભોજન બનાવવા વાળા બ્રહ્મચર્યનું પાલન કરનાર હોય તથા તેઓએ વિશેષ યોગયુક્ત બની પરમાત્માની યાદમાં ભોજન બનાવવું જોઈએ.

3. ભોજન તૈયાર થઈ જાય તો પરમાત્માને ભોગ ધરાવવો જોઈએ જેથી ભોજનમાં શક્તિ આવે.

4. ભોજન સ્વીકારતા સમયે બાબાની યાદ રહેં અને મૌનમાં ભોજન સ્વીકાર કરવો જોઈએ.

5. બાબા હંમેશા કહેતા રોયલ્ટી એ છે કે ભોજન એટલું જ લો જેટલી આવશ્યકતા છે. યાદ રાખો પરમાત્મા આપણને ખવડાવી રહ્યા છે તો

તેથી ભોજન ખુબ જ પ્રેમથી ખાવવું જોઈએ. એ પરમાત્માનો રિગાર્ડ છે.

6. ગુરુવારે બાબાને વિશેષ ભોગ ધરાવવામાં આવે છે. બાબાએ દરેક બાળકને સેન્ટર પર સપ્તાહમાં એકવાર શક્તિશાળી ભોગ મળે તે હેતુથી વિશેષ સિસ્ટમ બનાવી છે. તેથી બાબાના દરેક બાળકે ગુરુવારની આ સ્વર્ણિમ તક ચૂકવી ના જોઈએ.

7. બાબાની શ્રીમત અનુસાર અનાસક્ત વૃત્તિથી ભોજન સ્વીકારવું જોઈએ. કારણ કે આપણે દેહભાનથી મુક્ત થવાનું છે.

8. જોબ કરવાવાળા, હોસ્ટેલમાં રહેવા-વાળા, લગ્ન જેવા લૌકિક પ્રસંગે જવાવાળા બાળકોને પરિસ્થિતિ અનુસાર શ્રીમત મળે છે. તે પ્રમાણે વ્યવહાર નિભાવવો જોઈએ. **પ્યારા બાબાની તો શ્રીમત એ જ છે કે કોઈ પણ હાલતમાં નિયમ પ્રમાણે ચાલવું એ જ સેવાનું સાધન છે. કાયદામાં જ ફાયદા છે.**

9. બાબાએ ભોજનની રોયલ્ટીની વ્યાખ્યા આપતા કહ્યું છે કે ભોજન કઈ સ્થિતિમાં ખાવો છો? કેટલા પ્રમાણમાં ખાવો છો? એ સંસ્કારની રોયલ્ટી છે. **ભોજનને ધૈર્યતાથી સ્નેહયુક્ત સ્થિતિમાં ખાવું એ છે રોયલ્ટી.**

10. બાબાએ કહ્યું છે કે ભોજન સાદગીભર્યું હોય એ રોયલ્ટી છે. ભોજન એઠું મૂકવું, આસક્ત થઈ જરૂરીયાતથી વધારે ખાવું એ રોયલ્ટી નથી.

11. ભોગ, ટોલી કે ભોજન આપતી વખતે શ્રેષ્ઠ ભાવના, વિશાળ ભાવના રાખવી જોઈએ.

12. ઘણીવાર ભોજનમાં કમી, ખામી હોય છતાંય મમ્મા પ્રેમથી ભોજન સ્વીકારી લેતા હતા. જેમ કે મીઠું ઓછું છે કે વધારે છે જેવી કોઈ પણ પ્રકારની કોમેન્ટ કે પ્રતિક્રિયા આપતા ન હતા.

13. દાદી જાનકીજીનો અનુભવ છે કે દાદી બીમાર હતા. સેન્ટર પર એકલા રહેતા હતા. તેથી તેઓ ભોજન બનાવવા કે ખાવા માટે અસમર્થ હતા. ત્યાંના ભાઈ બહેનોએ બાબાને ફરિયાદ કરી. બ્રહ્માબાબાએ દાદીજીને પત્ર લખ્યો કે દાદી બીમાર છે, બાબા તો બીમાર નથી ને! બાબાને ભોગ કેમ લગાવતા નથી? દાદીજી બીમાર હોવા છતાં બાબાના પ્રેમ ખાતર ભોજન બનાવતા અને પ્રેમથી ભોગ લગાવતા હતા.

14. ઘણીવાર આપણે મજબૂર હાલતમાં મશીનમાં બનેલ ખાદ્ય વસ્તુ જેમ કે ચોકલેટ, બિસ્કિટ, કોલ્ડ ડ્રિન્ક વગેરે સ્વીકારી લઈએ છીએ. બહારનું ખાઈ લઈએ છીએ. દાદી સેન્ટર પર બનેલી ચોકલેટની ટોલી પણ સ્વીકારતા ન હતા.

15. **દરેક બ્રાહ્મણોએ સમય પ્રતિ સમય ભોગ અવશ્ય લગાવવો જોઈએ.** કારણ કે આ એક એવું શ્રેષ્ઠ કર્મ છે જેથી ભગવાન સાથે ખુબ જ સુંદર શ્રેષ્ઠ સંબંધ બંધાય છે અને સકારાત્મક કાર્મિક એકાઉન્ટ બને છે. વળી ભગવાનના યજ્ઞમાં એક મુઠ્ઠી અક્ષત સમર્પિત કરવાની તક છે. વાવેલું ભવિષ્યમાં ફળસ્વરૂપે પ્રાપ્ત થાય જ છે. **માટે સતગુરુવાર હોય, કોઈ વિશેષ દિવસ હોય, કે પછી કોઈ તહેવાર હોય ત્યારે વિશેષ સ્નેહયુક્ત ભાવનાથી ભોગ લગાવવો જોઈએ.**

16. ભગવાનના ઘરે જે પણ લાવીએ છીએ જેમ કે ધન, કોઈ ચીજ વસ્તુ એ બ્રહ્માકુમારી બહેનોને આપતા નથી પરંતુ ભગવાનના યજ્ઞમાં સફળ કરી રહ્યા છીએ, એ ભાવ અને ભાવના દરેક બ્રાહ્મણોના દિલમાં હોય. ત્યારે જમા થશે.

17. જયારે પણ ભોગ આપીએ છીએ કે ખવડાવીએ છીએ ત્યારે મારો ભોગ નથી પરંતુ બાબાનો ભોગ ખવડાવીએ છીએ, બ્રહ્મા ભોજન

(અનુસંધાન પેજ નં. 13 પર)

જ્ઞાન પરબ

એક અલૌકિક ખજાનો - ખુશી

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

પ્રાણપ્રિય બાપદાદા આપણને ખુશ રહેવા માટે અનેક વાર મુરલીમાં જણાવે છે કે, 'પ્રાણ જાય પણ ખુશી ન જાય', 'અમ્મા મરે તો પણ હલવો ખાવ', 'પ્રસન્નચિત્ત બનો પ્રશ્ન ચિત નહીં', 'ખુશ રહો અને ખુશીઓ વહેંચો'. આમ જીવનમાં ખુશીનું ખૂબ જ મહત્વ છે, ખુશી વગરનું જીવન વેરાન રણ સમાન છે, જ્યારે ખુશીઓથી મહેકતું જીવન રમણીય બગીચા સમાન છે. પ્રસન્નચિત ચહેરો સર્વના આકર્ષણનું કેન્દ્ર બને છે જ્યારે મૂરઝાયેલો ઉદાસ ચહેરો કોઈને જોવો ગમતો નથી.

જ્યારે આપણે કોઈ પણ વ્યક્તિને મળીએ તો ખાસ પૂછીએ છીએ કે કેમ ખુશી મજામાં છો ને? અને સામેવાળી વ્યક્તિ પણ પૂછે છે કે તમે પણ ખુશી મજામાં ને? ખુશી આપણી મનોસ્થિતિ છે, પરંતુ યાદ રહે જો તમે ખુશ થવાનું વિચાર્યું નહીં હોય, તો આ દુનિયાની કોઈ તાકાત, કોઈ વસ્તુ કે પરિસ્થિતિ તમને ખુશ કરી શકશે નહીં. ખુશી ત્યારે જ શક્ય છે જ્યારે આપણે ઈચ્છામાત્ર અવિદ્યા રહીએ. ઈચ્છાપૂર્તિ થતા જ ખુશી ગાયબ થઈ જાય છે અને નવી નવી ઈચ્છાઓ પ્રગટ થાય છે, માટે જ કહેવાય છે કે, સંતોષી નર સદા સુખી. ખુશ રહેવા માટે મનની સંતુષ્ટતા ખૂબ જ જરૂરી છે, નહીં તો મન ઈચ્છાઓના ભંવરમાં ફસાઈને દુઃખી દુઃખી થઈ જાય છે.

બાબા કહે છે કે, ખુશી જેવો ખોરાક નહી. આપણે ગમે તેટલા કાજુ, બદામ, પિસ્તા, અખરોટ જેવા ડ્રાય ફ્રૂટ્સ, ફ્રૂટ કે ઘી, માખણ, ચીઝ જેવા પૌષ્ટિક ખોરાક ખાઈએ, પણ જો મન ખુશીમાં ન હોય અને ચિંતાગ્રસ્ત હોય તો શરીરને પોષણ મળી શકતું નથી. ચિંતાથી મનુષ્ય અંદરને અંદર બળતો રહે છે, એટલે જ ચિંતાને ચિતા સમાન કહેવાય છે. આપણી પાસે ખુશીનો અખૂટ ભંડાર ભરેલો હોવો જોઈએ. ખુશીનું અક્ષયપાત્ર સદા છલકાતું રહે. આપણી પાસેથી સર્વેને ખુશીનો ખોરાક મળતો રહે, ખુશીઓનું લંગર, સદાવ્રત અવિરત ચાલ્યા કરે. કોઈપણ ખાલી હાથ જાય નહીં.

કોઈ ફિલ્મનું એક સુપ્રસિદ્ધ ગીત છે - 'ખુશ રહો, હર ખુશી હૈ તુમ્હારે લિયે, છોડ દો આંસુઓ કો હમારે લિયે', બાબા પણ આપણને એ જ કહે છે કે, તમારો બધો જ બોજ ચિંતાઓ મને સોંપી દો અને તમે ખુશ રહો, પરંતુ આપણને બોજ ઉઠાવવાની આદત પડી ગઈ છે. ટ્રેનમાં કે બસમાં બેઠા પછી પણ જો કોઈ પોતાના માથા ઉપર સામાન કે બોજ લઈને બેસે તો તેને શું કહીશું? સ્વયં ભગવાન ઓફર કરે છે કે તમારો બોજ મને આપી દો, પણ જો આપણે બોજ માથા પર રાખીને બેસી તો શું એ બુદ્ધિમત્તા કહેવાશે?

ખુશી ગાયબ થવાની નિશાની છે મૂડ ઓફ, ફ્રસ્ટેશન, ડિપ્રેશન, આક્રોશ, ચીડિયાપણું વગેરે. આ બધાથી ઉપર ઉઠવા આપણે સદા યાદ રાખવું જોઈએ કે મને કોણ મળ્યા છે, હું કોનો છું, મારું કોણ છે? સદા એ ગીત ગાતા રહો 'ઝૂમ ઝૂમકે નાચો આજ, નાચો આજ, ગાઓ ખૂશીકે ગીત રે'. દાદી જાનકીજીને એક ગીત ખૂબ જ પ્રિય હતું - 'ખુશ હો કે ગા રહા હૈ, અબ એ જહાન સારા, અપના પરમપિતા શિવ, કિતના હૈ પ્યારા પ્યારા'.

મનુષ્ય, જીવનમાં સર્વ પ્રાપ્તિઓથી સંપન્ન બન્યા પછી પણ, તેની અંતિમ ખુશી ભગવદ

પ્રાપ્તિ, મોક્ષ, વૈકુંઠ કે સ્વર્ગમાં જવાની રહે છે. બ્રહ્મામુખ વંશાવલી બ્રાહ્મણ બન્યા પછી આ ત્રણેય વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય છે. ભગવાન પણ મળી ગયા તેમજ મુક્તિ અને જીવન મુક્તિનો વારસો પણ મળી ગયો. 'પાના થા સો પા લીયા', હવે મેળવવાનું કંઈ બાકી રહેતું નથી. સ્વયમ ભગવાને આપણી બુદ્ધિની ઝોળી ખુશીઓથી ભરી દીધી છે.

ખુશ રહેવા માટે સાક્ષી દૃષ્ટા બનવું ખૂબ જ જરૂરી છે, જેને સ્થિતપ્રજ્ઞ અવસ્થા કહેવામાં આવે છે. સ્થિતપ્રજ્ઞ અર્થાત સ્થિર બુદ્ધિ, હાર-જીત, ઠંડી-ગરમી, સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, સ્ત્રી-પુરુષ, સોનુ-માટી જેના માટે સર્વ સમાન જ હોય. યુદ્ધ જેવી ભયાનક પરિસ્થિતિમાં, ચારે તરફ લાશોના ઢગલા વચ્ચે પણ જેની બુદ્ધિ સ્થિર હોય, તેવા આપણે યુધિષ્ઠિર બનવાનું છે. કહેવાય છે કે, પીને વાલોકો પીને કા બહાના ચાહિયે, આપણે પણ ખુશીની ભિન્ન-ભિન્ન પોઈન્ટ યાદ કરી નારાયણી નશામાં ચૂર રહી, ખુશીના પારાને સદા ઉપર ચઢેલો જ રાખવાનો છે. જો પારો નીચે આવે તો કોઈપણ સ્વમાનની પોઇન્ટનો ડોઝ આપી કે બાટલો ચઢાવી આત્મિક શક્તિથી ભરપૂર બની જવું જોઈએ.

ખુશીના સાગર પ્યારા મીઠા બાબાએ તારીખ 12-1-79ની અવ્યક્ત વાણીમાં કહ્યું છે કે, સૌથી મોટો ખજાનો ખુશીનો છે. ખુશી માટે દુનિયાના લોકો તડપે છે. આ ખજાના માટે લોકો ભિન્ન-ભિન્ન પ્રકારના સાધન અપનાવે છે. જ્યાં ને ત્યાં ભટક્યા કરે છે, જ્યારે આપણી ખુશીઓનો તો પારાવાર નથી.

આંખ ખુલતા જ સૌથી પહેલું મિલન સર્વ ખજાનોના માલિક દાતા વિશ્વના રચયિતાથી થાય છે. જેની એક સેકન્ડની ઝલક માટે સર્વ આત્માઓ ભિખારી બનીને કેટલા મુશ્કેલ માર્ગ અપનાવે છે. આપણે છીએ બાળકો અને દુનિયા છે ભિખારી. અમૃતવેળા સર્વ સંબંધથી પરમપિતા સાથે મિલન બનાવીએ છીએ. બીજી ખુશીની વાત એ છે કે સ્વયં ભગવાન પરમધામથી મને ખાસ ભણાવવા આવે છે, લંડન કે અમેરિકાથી નહીં અને તે પણ ફી લીધા વગર ભણાવે છે. ત્રીજી ખુશીની વાત એ છે કે ઓલમાઈટી ઓથોરિટી આપણા ફ્રેન્ડ, યુગલ સાથી તેમજ ગાઈડ બનીને સાથ નિભાવે છે. જ્યારે પણ ટાઈમ મળે ત્યારે બાબા સાથે સેર કરવી, ડાન્સ કરવો, શૃંગાર કરવો, રૂહ રિહાન કરવી. જે પણ રુચિ હોય તે સાધન અપનાવીને ખુશીમાં રહીએ. દેખવાની રુચિ હોય તો સ્વર્ગને દેખો, સેર કરવાની રુચિ હોય તો ત્રણેય લોકની સેર કરો, નાટક જોવાની ઈચ્છા હોય તો આપની અને બાપની કહાનીનું નાટક જુઓ, શૃંગાર કરવાની રુચિ હોય તો દરેક ગુણોથી શણગાર કરો, વાંચવાની રુચિ હોય તો 84 જન્મોનો ઈતિહાસ વાંચો, આમ કોઈપણ સાધન અપનાવો પરંતુ ખુશીમાં રહો.

બાબા કહે છે કે, આપ બાળકોએ હાલતું ચાલતું ચૈતન્ય મ્યુઝિયમ બનવાનું છે, જેથી લોકો પ્રેરણા લે કે આમને આટલી ખુશી ક્યાંથી મળી? બ્રાહ્મણ જીવનની નિશાની છે, સદા ખુશીની ઝલક પ્રત્યક્ષ દેખાઈ દે. ખુશી નથી તો શુદ્ર જીવન છે. આ સંગમયુગમાં જ એક આપો અને લાખો લો, એ સંભવ છે. સમય, સંગ, જન્મ, પ્રાપ્તિઓ, બધું જ વર્તમાન સમયે શ્રેષ્ઠ છે. સ્વયં વરદાતા આપણા છે. શક્તિ, સુખ, ગુણ જે જોઈએ એ હાજર છે કારણકે સ્વયમ હજૂર આપણા માટે હાજર થયો છે.

ખુશી માટેની અલૌકિક ચાવીઓનો ઝુડો

* હર ઘડી અંતિમ ઘડી છે એમ સમજીને ચાલીએ, કોઈપણ વસ્તુ બ્રાહ્મણોના ખજાનામાં અપ્રાપ્ય નથી, * મને કોણ મળ્યું છે, મારું કોણ, હું

કોનો, વાહ રે મૈ સ્વચિંતન કરીએ,* પ્રાપ્તિઓના ખજાનાને સ્મૃતિમા ઉપલબ્ધ રાખીએ. કોઈપણ પરિસ્થિતિ આવે તો બાબા કહે છે કે, સારા સારા ગીતોના રેકર્ડ તમારી પાસે હોવા જોઈએ જેનાથી મૂડ ફ્રેશ થઈ જાય. સ્વર્ગમાં રમણ કરવું.* સ્વદર્શન ચક્ર ફેરવવું, * મધુબનની ચારધામની યાત્રા કરવી, * ડ્રામા કલ્યાણકારી છે અને તેમાં પણ દરેકનો રોલ અલગ અલગ છે. વાહ! ડ્રામા વાહ! ની સ્મૃતિ રહે, * ભાગ્યની માળા કરવી. હવે ખુશી રહે કે, દુખધામ થોડો જ સમય છે, પછી સુખધામમાં જવાનું છે. પુરાની દુનિયા છોડીને નવી દુનિયામાં નવું વસ્ત્ર ધારણ કરવાનું છે. * કર્મભોગ અને હિસાબ ચૂકતું થઈ રહ્યો છે એમ સમજી ખુશ રહેવુ, સ્વયં ભગવાન મળી ગયા જેની એક ઝલક પ્રાપ્ત કરવા માટે, ભક્ત, ઋષિ, મુની, યોગી સર્વે તપસ્યા કરે છે. * બાળકોને બાપ અને ભક્તોને ભગવાન મળી ગયા. * આપણે ટ્રસ્ટી છીએ આપણું કંઈ નથી. કોઈપણ પેપર આવે તો હિસાબ ચૂકતું થઈ રહ્યો છે તેમ સમજીએ, ખુશ રહેવા સર્વને નિર્દોષ અનુભવ કરીએ, કોઈનો દોષ નથી, ના ભાગ્યવિધાતાનો, ના ડ્રામાનો, કે ના વ્યક્તિનો, ના પ્રકૃતિનો, ના વાયુમંડળનો, બન્યું તે ન્યાય સમજી સહજ સ્વીકારીએ. *આત્મા સમજી આત્માથી વ્યવહાર કરીએ દેહી અભિમાની બનીએ તો જ ખુશી નો પારો ચઢેલો રહે. * ભારત ફરીથી સ્વર્ગ બની રહ્યું છે, હેવનલી ગોડફાધર આવ્યા છે સ્વર્ગના માલિક બનાવવા, નશો રહે આપણે બહુ મોટા માણસ બની રહ્યા છીએ. એઈમ-ઓબ્જેક્ટ સદા સામે રહે તો ખુશી બેહદ રહેશે, 84 જન્મ બહુ ભટક્યા હવે ઘરે જવાનું છે પરમપિતા આપણને રાજ્યભાગ વહેંચી રહ્યા છે.

ખુશી ગાયબ થવાના કારણો

* રૂઠવા કે રીસાવાની આદત, લજામણીના છોડ જેવો નાજુક સ્વભાવ હોવાથી. શારીરિક રોગોને કારણે પરેશાન થવાથી, ધંધામાં નુકસાન થવાથી કે નોકરી છૂટી જવાથી. * નાણા ભીડ * સબંધીઓથી પરેશાન * ભાઈઓ ભાગના ઝઘડા, નજીકના વ્યક્તિનું મોત કે સંબંધીનું રિસાવવું બીજાના દુઃખે દુઃખી થવું માયાથી વારંવાર હાર થવી, * ન્યુઝ પેપર કે ટીવીના સમાચાર જોવાથી દુઃખી થવું. * પરિવાર કે મિત્ર સબંધીઓના દુખે દુઃખી થવું. * બીજાના ટોર્ચરિંગ બોલથી કે બદનામી કરવાના કારણે દુઃખી થવું. દુન્યવી પરિસ્થિતિઓ જેવી કે ટ્રાફિક, આતંકવાદ, ગૃહયુદ્ધ, બેકારી, વસ્તી વધારો, વસ્તુઓની અછત, રોગચાળો, ગંદકી, અવ્યવસ્થા, ધંધામાં હરિફાઈ, પારિવારિક સમસ્યાઓ વગેરે જેવા અનેક કારણોથી ખુશી ગુમ થઈ જાય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 15નું અનુસંધાન)... મર્યાદાની રેખામાં

જાય છે. વચ્ચે એમને સીતાનાં ઘરેણાં મળે છે. અર્થાત્ આપણું કરેલું દાન બાબા પાસે જરૂર પહોંચે છે. રસ્તામાં શબરી મળે છે. જેણે ચાખી ચાખીને એંઠાં બોર રામ માટે રાખ્યાં હતાં. તેણે નક્કી કર્યું હતું કે રામ આવશે તો તેમને ખવડાવીશ. બાબા પણ ગરીબ નિવાજ છે. તો બાબાનાં બાળકો પણ સાધારણ છે. આવાં બાળકો પણ કંઈકને કંઈક એકઠું કરીને બાબાને જરૂર આપે છે. જે બાબાના યજ્ઞમાં કામ આવે છે. એમને કેટલી ખુશી મળે છે. રામ એનું એક એક બોર સ્વીકાર કરે છે. કદી અપમાન કરતા નથી.

॥ ઓમશાંતિ ॥

બાબા પાસેથી પ્રાપ્તિ

બ્ર.કુ. જુનાગઢ.

બાબાએ વરદાનમાં કહેલું કે બાબા પાસેથી મળેલી તમામ સિદ્ધિઓને ધ્યાનમાં રાખીને તમે હંમેશા પ્રસન્ન, અચળ, અડોલ અને સંતુષ્ટ રહેશો. ખૂબ ખુશી સાથે બાબાની કૃપા સ્વીકારવાનું યાદ રાખીએ.

સર્વ શ્રેષ્ઠ ખજાના -

જ્ઞાન- સત્ય, સમજણ, અભ્યાસ, શ્રેષ્ઠ યાદો, સ્વાભિમાન, નિશ્ચય, દૈવી બુદ્ધિ

ગુણ- શુદ્ધતા, શાંતિ, પ્રેમ, સુખ, આનંદ, દિવ્ય ગુણ - શીતળતા, નમ્રતા, મધુરતા

શક્તિઓ- સમાવવું, સહન કરવું, ન્યાય આપવો, સામનો કરવો, સહકાર આપવો, સંકીર્ણ કરવું, નિર્ણય કરવો, પરખ કરવી

ઈશ્વર સાથે સર્વ સંબંધની શ્રેષ્ઠ મુલાકાત -

માતા - પાલના, નિસ્વાર્થ પ્રેમ

પિતા - છત્રછાયા, ભરણ પોષણ

શિક્ષક - શિક્ષા, જીવન કેળવણી

મોટા ભાઈ - સાથ-સહકાર

મિત્ર - મનગમતો સાથ, વાતની બેધડક રજૂઆત

બાળક - વારસદાર, વિશ્વાસ પાત્ર

સતગુરુ - વરદાન, શ્રીમત, મુક્તિ, જીવન-મુક્તિ

સાજન - અતિન્દ્રિય સુખ, રક્ષક, શ્રેષ્ઠ-સહજ રાજયોગ

શ્રેષ્ઠ બ્રાહ્મણ જીવન -

દૈવી કુટુંબ, સાથી, સહયોગી, શક્તિ, સર્ચલાઈટ, મદદ, દૈવી લાગણીઓ, અનુભવો, નિચિંત, નિશ્ચય-યુક્ત, ચિંતામુક્ત જીવન.

શ્રેષ્ઠ અભ્યાસો -

અમૃતવેળા યોગ, મુરલી, સ્મરણમાં શુદ્ધ ખોરાક, ધ્યાન, ટ્રાફિક નિયંત્રણ, નુમાશામ યોગ, રાત્રી ચાર્ટ

શ્રેષ્ઠ યોગ-કસરતો -

શારીરિક, આધ્યાત્મિક સ્થિતિ - દ્રષ્ટિ, આત્મ સન્માનનો અભ્યાસ, દેવદૂત સ્વરૂપ, ગુણો જોવા, સારી લાગણીઓ બતાવવી

શ્રેષ્ઠ યાદ -

બાબાનું સ્મરણ, વિવિધ ઉપાધિઓ દ્વારા, બાપદાદાનું મિલન, અવ્યક્ત નિર્વાહ

શ્રેષ્ઠ સ્થાન અને લોકો-

મધુવન, સેન્ટર, રીટ્રીટ સેન્ટર, ગીતા પાઠશાળા, દૈવી કુટુંબ, સંસ્થા, કંપની, બહેનો, બ્રહ્મા ભોજન, બેજ, સેવા, નસીબની કલમ, શ્રેષ્ઠ નસીબ

શ્રેષ્ઠ વાંચન-

સામયિકો, જ્ઞાનામૃત, બુક, વગેરે, મનની શાંતિ અને જાગૃતિની ચેનલો, મહારથીના ક્લાસ, ઈન્ટરનેટ પરના સંદેશા વગેરે.

તો ચાલો આજથી આવનારા દિવસોને વરદાનોની ભરપૂરતામાં વિતાવીએ, આ બધી યાદો મનમાં સાચવીને, હંમેશા અતિ સંવેદનશીલ આનંદને પ્રસન્નતાના અનુભવથી ભરપૂર રહીએ, પ્રેમના ઝુલામાં ઝૂલીએ, પરિશ્રમથી મુક્ત બનીએ, સર્વ સિદ્ધિઓથી સજ્જ બનીએ, સૌને આનંદમય વાતાવરણ આપીએ. **॥ ઓમશાંતિ ॥**

અનમોલ કુમારી જીવન
આધ્યાત્મિક શિક્ષણગૃહ, નડિયાદ

બ્રહ્માકુમારીઝ નડિયાદ

શિવની શિવશક્તિ સ્વરૂપા છે કુમારી
બ્રહ્માની રાઈટ હેન્ડ બ્રહ્માકુમારી છે કુમારી
મમ્માની સખી હમજીન્સ છે કુમારી
પૂજનીય પરમ પવિત્ર સ્વરૂપ છે કુમારી
ભગવાનની નજરોમાં જે છે તે શ્રેષ્ઠ કુમારી
પરમાત્માનું આશાનું કિરણ છે તે વિશેષ કુમારી
જ્ઞાનનો કળશ જેના માથે છે તે મંગલકારી કુમારી
ભગવાન પણ ન્યોછાવર છે જેના પર
તે ભાગ્યશાળી કુમારી
દુનિયા જેને કમજોર જાણે છે
તે કમાલ કરવાવાળી કુમારી
કનૈયાની જે પ્રિય છે તે સાચી ગોપી કુમારી
ધનનો જે શૃંગાર છે તે શુભ લક્ષ્મી કુમારી
આનંદનો ઉત્સવ લઈ આવે છે
તે શુભ ચિહ્ન છે કુમારી
મીરા બની પ્રભુ ભક્તિ કરી તે પ્રભુ પ્રિય કુમારી
રાધા બની સાચો પ્રેમ શીખવ્યો તે પ્રેમસ્વરૂપ કુમારી
જ્ઞાનની દેવી બની જ્ઞાનગંગા વહાવી
તે પતિત પાવની કુમારી
મધર ટેરેસા બની સેવા ભાવ જગાવ્યો
તે પરોપકારી કુમારી
અસુરો પર વિકરાળ રૂપ ધારણ કર્યું
તે મા દુર્ગા છે કુમારી
બધાની મનોકામના પૂર્ણ કરી
તે માં જગતઅંબા છે કુમારી
દ્રઢ તપસ્યાથી શિવજીને પ્રસન્ન કર્યા
તે માં પાર્વતી છે કુમારી
જ્ઞાનનો પ્રકાશ વિશ્વમાં પાથર્યો
તે મા સરસ્વતી છે કુમારી
વિશ્વની સર્વ કુમારીઓથી પણ જે ઉત્તમ છે
તે બ્રહ્માકુમારી
1 0 0 બ્રાહ્મણોથી ઉત્તમ છે બ્રહ્માકુમારી
21 કુળનો ઉદ્ધાર કરવાવાળી છે બ્રહ્માકુમારી
63 જન્મના પુણ્ય કર્મનું ફળ છે બ્રહ્માકુમારી
84 માં અંતિમ જન્મનું શ્રેષ્ઠ ભાગ્ય છે બ્રહ્માકુમારી.

કુમારી જીવન એટલે શુદ્ધતા, સરળતા, સૌમ્યતા, નિર્મળતા અને પવિત્રતાનું પ્રતીક, આ શ્રેષ્ઠ કુમારી જીવનને સર્વશ્રેષ્ઠ બનાવવા જે મહાન છે, મહત્વનું છે, તેના મહત્વને નિખારવા, માયા રાવણરૂપી વિકારોની જાળથી બચાવવા, આ સુંદર પુષ્પ સમાન જીવનને મહેકતું બનાવવા, આવો, આ શ્રેષ્ઠ ભાગ્ય જેને પ્રાપ્ત થયું છે તેવી વિશેષ કુમારીઓ પ્રતિ જે પરમાત્માના બગીચાની કળીઓ આવતી કાલે ખીલીને રુહે ગુલાબ બની વિશ્વને દિવ્ય ગુણો અને શક્તિઓથી સુગંધિત કરી શકે તે માટે બ્રહ્માકુમારીઝ નડિયાદ ખાતે આધ્યાત્મિક શિક્ષણ ગૃહમાં જ્યાં જ્ઞાન-યોગ, સંયમ-નિયમ, સાધના અને પરમાત્માની છત્રછાયા નીચે જીવન નિખારવાનું તથા લૌકિક- અલૌકિક શિક્ષણની સાથે સારા સંસ્કાર તેમજ આધ્યાત્મિકતાનું સિંચન કરી આ જીવનમાં ચાર ચાંદ લગાવવાનું ભાગ્ય પ્રાપ્ત કરીએ અથવા કોઈને દિશા સૂચન કરવા નિમિત્ત બનીએ.

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો.

બ્રહ્માકુમારી સંધ્યાબેન
આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ
ગુરૂકૃપા સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડિયાદ
ફોન - 83208 64343 , 94089 76 617

નડિયાદ આધ્યાત્મિક શિક્ષણ ગૃહમાં ધોરણ સાતમાં અભ્યાસ કરતી આણંદની 12 વર્ષની કુમારી યશસ્વીની પોતાનો અનુભવ અહીં રજૂ કરી રહી છે. વર્ષ 2024-25માં સાતમા ધોરણમાં અહીં આવી તે પહેલા હું ઘરે લગભગ મોબાઈલ ફોનમાં જ લાગેલી રહેતી. મોબાઈલ વગર તો મને ચાલે જ નહીં. મને કોઈ પણ કામ કરતા નહોતું આવડતું. હું મારી મમ્મીની એકની એક અને લાડકી દીકરી હોવાથી મમ્મી મને બધું જ તૈયાર કરીને આપતી. હોમવર્ક પણ કરાવતી, ખવડાવતી, તૈયાર કરતી વગેરે, હું તો ફક્ત રમતી હતી. સેન્ટર પર ક્યારેક જતી પણ જ્ઞાન યોગમાં મને એટલો રસ નહોતો.

અહીં નડિયાદ આવ્યા પછી સૌથી પહેલા તો હું મારું પોતાનું કામ જેમકે માથુ ઓળવું, કપડાં ધોવા, હોમવર્ક કરવું, વાંચન લેખન કરતા, સાફ-સફાઈ રાખતા શીખી. અહીં અમને અભ્યાસની સાથે જ્ઞાન અને યોગ સરળ ભાષામાં, વ્યવહારિક ઉદાહરણ સાથે સમજાવવામાં આવે છે અને સાથે સાથે એક્ટિવિટી તથા ઈન્ટરેસ્ટિંગ રીતે તેના ફાયદાની જાણકારી આપવામાં આવે છે. જ્ઞાનને કેવી રીતે જીવનમાં ધારણ કરવું તે પણ હું શીખી. તેથી હું અમૃતવેલા, મુરલી ક્લાસ, નુમાશામના યોગમાં સમયસર ઉત્સાહથી હાજર રહું છું. હું ક્યારેક બીમાર પણ હોવ તો પણ હું ચૂકતી નથી, દિલથી બાબાને યાદ કરું છું અને બાબાની શક્તિનો અનુભવ કરું છું. અહીં બધી કુમારીઓ અને બહેનો સાથે સંગઠનમાં કેવી રીતે રહેવું, બધાને આદર આપવો તથા સહયોગ આપવો એ હું અહીંથી શીખી. સ્કૂલમાં પણ ભણવાની સાથે સાથે દરેક સ્પર્ધાઓમાં ભાગ લેવો તેમજ સ્ટેજ પર જઈને બોલવાની પ્રેક્ટિસ વગેરે માટેનું માર્ગદર્શન અને કેળવણી આપવામાં આવે છે. સ્કૂલમાં પણ સારા નંબરથી પાસ થવા માટે અમને માર્ગદર્શન-સમજ આપવામાં આવે છે. આર્ટ, ક્રાફ્ટ, સ્પીચ, સંગીત, નૃત્ય વગેરે માટેનો લાભ આપવામાં આવે છે. અહીં કુમારીઓ માટે ખાસ મનોરંજન માટે પિકનિક કરાવવામાં આવે છે તથા દરેક તહેવારોમાં અમે અહીં સાથે મળીને ખૂબ એન્જોય કરીએ છીએ. બાબાના નવા ગીતો ગાઈએ છીએ અને જ્ઞાન સાથે ગમ્મત કરીએ છીએ. સેન્ટરના દરેક કાર્યક્રમમાં પણ અમને લાભ મળે છે. મહારથી તેમજ વરિષ્ઠ ભાઈ બહેનોની દ્રષ્ટિ, ટોલી તથા અનુભવયુક્ત વાણીએ અમને ખૂબ પ્રેરણા આપી છે.

મને એવું લાગે છે કે એક વર્ષ પહેલાં હું કેવી હતી ને બીજા એક વર્ષમાં મારામાં કેટલું પરિવર્તન આવી ગયું. વાહ બાબા કમાલ છે તમે મને આ શ્રેષ્ઠ તક આપી. મારુ દિલ હંમેશા એ ગીત ગાય છે.

વાહ બાબા વાહ, વાહ ડ્રામા વાહ,
વાહ મેરા શ્રેષ્ઠ ભાગ્ય વાહ, વાહ કુમારી જીવન વાહ.

॥ ઓમશાંતિ ॥

બ્રાહ્મણ શિવને શરણ

બ્ર. કુ. જૂનાગઢ

અક્કલ, આભાને માન-શાન, થયા બાબાને શરણ,
વિકારોનાં વમળમાં, ખીલ્યા સમજણનાં કમળ,
માલિક, પ્રતિભાના, ને દેહભાનનાં થયા મરણ,
નિમિત, નિર્માણ, નીતિનાં નિત્ય નવા કમળ,
બકરીનાં બોલ થયા, ને શક્તિ-સાદ સિંહણ,
સ્વતંત્રતા, બેફીકર બાદશાહનાં ખુશીનાં ભ્રમણ,
દુખીનાં દિન ગયા, મોજનાં યુગમાં જ્ઞાન-યોગનાં રમણ,
આદિ મધ્ય અંતનાં જ્ઞાનથી, પુરા હવે જન્મ ભ્રમણ,
નમનનાં નામ ગયા ને, પાવન થયા ખુદનાં ચરણ,
પવિત્ર તાજનાં તેજ હવે, ચાલ ચલન કરમ કરણ,
શરણ આવશે બધી દુનિયાને, બ્રાહ્મણ શિવને શરણ,
કલયુગ અધર્મ શમતાને, ખીલતા સતધર્મનાં ૧૬ કમળ.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

એક સંકલ્પ અને ધ્યેય દ્વારા રામરાજ્ય આવશે

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

સત્ અને અસત્ કે દૈવી અને આસુરી એ માનવ જીવનના બે ખાસ પાસાં છે. જેમાં મોટાભાગના માનવીઓ બહુ જ ઝડપી અસત્ કે આસુરી પક્ષ તરફ ઝુકાવ ધરાવે છે. કારણ કે તેમાંય ખાસ કરીને વૈભવી, ભૌતિક સુખ અને મનોરંજનની શક્યતાઓને શોધે છે, જુએ છે. જયારે બીજી બાજુ દિવ્યતા તરફ વળતી વ્યક્તિએ બલિદાન, તપસ્યા, સેવા, દાન જેવા વિચારોને અપનાવવા પડે. જેમાં શરૂઆતમાં થોડી મુશ્કેલીઓ લાગે છે તેથી મોટાભાગના લોકો શરૂઆતથી જ દિવ્ય શક્તિના બદલે આસુરી શક્તિ તરફ આકર્ષાય છે, પરંતુ આવું કરતાં સમયે તેઓ સમજી શકતા નથી કે, આ ફક્ત ચાર દિવસની ચાંદની જેવું છે. તેનું પરિણામ ક્યારેય શુભ ન હોય. તેથી આજે દુનિયામાં જે દુઃખ છે તેનું સાચું કારણ વ્યક્તિઓનું આ અજ્ઞાન છે, પરંતુ કોઈ આ વાતને સ્વીકારવા તૈયાર નથી.

આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે, દુનિયામાં ચારે બાજુ દુઃખ અને અશાંતિ છે, પરંતુ તેનું કારણ જાણવા માટે, આપણે પોતાને એક પ્રશ્ન પૂછવો જરૂરી છે કે 'શું મનુષ્યો પરમાત્માએ આપેલા જીવનના નિયમોનું પાલન કરી રહ્યા છે?' શું પરમાત્મા માણસને આપેલા ગુણોના ખજાનાનું રક્ષણ કરી રહ્યા છે?

શું એવું નથી કે, પરમાત્માના બનાવેલ બધા નિયમો આજે ભૂલીને માણસે પોતાની સમજ પ્રમાણે નવા નિયમો બનાવ્યા છે? જો આવું હોય, તો આ ઉલ્લંઘન માનવતાના પતનનું મૂળ કારણ છે. મનુષ્ય સિવાય, બીજા બધા જીવો પરમાત્મા દ્વારા બનાવેલા નિયમો અનુસાર પોતાનું જીવન જીવે છે. ઉદાહરણ તરીકે... ગાય ભૂખથી મરવાનું પસંદ કરશે પણ તે માંસ કયારેય નહીં ખાય. સિંહ ભૂખ્યો મરી જશે પણ તે ઘાસ નહીં ખાય. પક્ષીઓ પોતાના માળામાં જ રહે છે. ઉંદરો પોતાના દરમાં રહે છે. જંગલી પ્રાણીઓ જંગલમાં રહે છે અને જળચર પ્રાણીઓ પાણીમાં રહે છે. બધા કુદરતના નિયમો અનુસાર પોતાનું જીવન પસાર કરી રહ્યા છે. પણ આજે માણસે શું કર્યું છે? શું જે માણસ સુંદર બંગલા, સુંદર બગીચા, મુસાફરીના અસંખ્ય સાધનો અને વિજ્ઞાનના ચમત્કારો દ્વારા પોતાના અસ્તિત્વ દર્શાવનાર, પોતાને નિર્ભય, દયાળુ, કરુણાશીલ, દાનવીર, પ્રેમાળ, આનંદી, સુખી અને સંતુષ્ટ કહી શકે છે? આ ઝાકમઝોળની દુનિયામાં આપણે એ બધું પણ ભૂલી ગયા છીએ કે દુર્ગુણોની ધૂળ આપણા દૈવી સદગુણો પર જામી ગઈ છે. જેને સાફ કરીને જ આપણે આપણી જાતને ઓળખી શકીશું.

જો આપણે ખરેખર સાચું રામરાજ્ય ઈચ્છતા હોઈએ, તો આપણે સર્વશક્તિમાન પરમાત્મા દ્વારા આપણને આપેલા દૈવી ગુણોને પુનઃ આપણી અંદર પ્રગટાવી તે ગુણોના પ્રકાશથી અન્ય આત્માઓના જીવનમાંથી અંધકાર દૂર કરીને એક નવી દુનિયાનું નિર્માણ કરીએ. આ કામ એટલું બધું અઘરું પણ નથી. જો આજે આપણે બધા એક સંકલ્પ, એક ધ્યેય સાથે આગળ વધીએ તો અવશ્ય સાચું રામરાજ્ય ચોક્કસ આવશે, એમ સમજો.

॥ ઓમશાંતિ ॥

નવરાત્રિ

જ્યારે પણ નવરાત્રિ આવે છે, તો તે આપણા દિમાગમાં પૂજા પાઠ, દેવીમાની અર્ચના તથા આરતી સુધી જ સીમિત રહી જાય છે. પણ શું આપ જાણો છો કે નવરાત્રિનો તહેવાર શા માટે ઉજવવામાં આવે છે એની માન્યતા કઈ છે?

કેટલાંયે વર્ષોથી આપણે નવરાત્રિનો તહેવાર ઉજવીએ છીએ, વ્રત રાખીએ છીએ, દેશના જુદા જુદા ભાગમાં અલગ અલગ રીતે આ તહેવાર ઉજવવામાં આવે છે કેટલાક લોકો આખી રાત ગરબા અને આરતી કરીને નવરાત્રિનું વ્રત રાખે છે. ક્યાંક કેટલાક લોકો વ્રત અને ઉપવાસ રાખીને દુર્ગા અને તેને નવસ્વરૂપોની પૂજા-અર્ચના કરે છે. જેમ કે નવ દુર્ગાના નવ, નામોમાં ક્રમશઃ શૈલપુત્રી, બ્રહ્મચારિમી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયિની, કાલરાત્રિ, મહાગૌરી અને સિધ્ધિદાત્રીના રૂપે પૂજા - અર્ચના કરીને વરદાન માંગે છે. આ તો આપણે સૌ કરીએ છીએ પણ નવરાત્રિ સાથે જે વાર્તા જોડાયેલી છે તેની વાત કરીએ.

એનાથી જોડાયેલી એક પૌરાણિક કથા છે. મહિષાસુર નામે એક ઘણો જ શક્તિશાળી રાક્ષસ હતો. તે અમર બનવા ઈચ્છતો હતો. આ ઈચ્છાને પૂર્ણ કરવા તેણે બ્રહ્માની કઠોર તપસ્યા કરી. બ્રહ્માજી એની તપસ્યાથી ખુશ થયા અને દર્શન આપીને કહ્યું કે તારે જે વરદાન જોઈતું હોય તે માંગી લે. મહિષાસુરે પોતાને અમર બનાવવાનું વરદાન માંગ્યું.

મહિષાસુરની આવી વાત સાંભળીને બ્રહ્માજી બોલ્યા, આ સંસારમાં જેણે જન્મ લીધો છે તેનું મૃત્યુ તો અવશ્ય થાય છે. એટલે જીવન અને મૃત્યુ સિવાય બીજું કંઈ માંગી લો. આવું સાંભળીને મહિષાસુરે કહ્યું કે ઠીક છે. પ્રભુ, મને એવું વરદાન આપો કે મારું મૃત્યુ દેવતા યા અસુરના હાથે ના થાય. વળી માનવ કે સ્ત્રીના હાથથી પણ મારું મૃત્યુ ના થાય.

મહિષાસુરની આવી વાત સાંભળીને બ્રહ્માજીએ તથાસ્તુ કહ્યું અને ચાલ્યા ગયા. એના પછી તો મહિષાસુર રાક્ષસોનો રાજા બની ગયો. એણે દેવતાઓ ઉપર આક્રમણ કર્યું. દેવતાઓ ગભરાઈ ગયા. આમ છતાં તેમણે સંગઠિત થઈને મહિષાસુરનો સામનો કર્યો. જેમાં ભગવાન શિવ અને વિષ્ણુએ પણ સહકાર આપ્યો. પરંતુ મહિષાસુરના હાથે દેવતાઓનો પરાજય થયો. અને દેવલોક પર મહિષાસુરનું રાજ્ય થયું.

મહિષાસુર સામે રક્ષણ મેળવવા માટે સર્વ દેવતાઓ અને વિષ્ણુએ આદ્યશક્તિની આરાધના કરી. એ સૌના શરીરમાંથી એક રોશની નીકળી. એક બેહદ ખૂબસૂરત અપ્સરાના રૂપે દેવી દુર્ગાએ રૂપ ધારણ કર્યું. દેવી દુર્ગાને જોઈને મહિષાસુર એમના ઉપર મોહિત થઈ ગયો. અને તેણે વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. વારંવાર તે આ કોશિશ કરતો રહ્યો.

દેવી દુર્ગા માની ગયાં પણ એક શરત પર. મહિષાસુરે દેવીની સાથે લડાઈ કરીને જીતવી પડશે

(અનુસંધાન પેજ નં. 07 પર)

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલિ

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૩ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૩ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૨ ના જવાબો આપેલ છે.

સંગમયુગની શબ્દાવલિ ભાગ - ૫૩

1	2		3		4		5	6	7
8			9	10		11		12	
13				14			15		
16			17			18			19
					20				
21	22	23					24		
	25			26					
27							28	29	
		30	31		32			33	34
		35					36		

આડી ચાવીઓ

૧. ..... મંત્ર હૈ પ્યારા (૪)
૫. હટ્ટી, શોપ (૩)
૮. મીઠાશ, ગળપણ (૨)
૯. રામના પુત્રો (૪)
૧૨. તુમ્હારી ..... મત તુમ્હી જાનો (૨)
૧૩. પ્રશ્ન (૩)
૧૪. ..... છાંડી જાને બાળા (૫)
૧૬. તારે શબ્દને ઉલ્ટો લખો (૨)
૧૭. ગૌરવ (૨)
૧૮. આદત, કુટેવ (૨)
૨૧. રખેવાળ (૩)
૨૪. શંકરનું ઉગ્ર નૃત્ય (૩)
૨૫. પાણી શબ્દને ઉલ્ટો લખો (૨)
૨૬. સેકન્ડ (૨)
૨૭. કોપી (૩)
૨૮. રામ (૨)
૩૦. ભવિષ્ય (૨)
૩૨. ધનની દેવી (૨)
૩૩. મકાન (૨)
૩૫. ચાંદલો, ટીકો (૩)
૩૬. મર્યાદા પુરૂષોત્તમ (૩)

ઊભી ચાવીઓ

૧. શિવ પરમાત્માનું એક નામ (૬)
૨. એક ગુણ (૪)
૩. તલને હિન્દી ભાષામાં .... કહેવાય (૨)
૪. ..... અને મથુરા ધામ (૩)
૬. પેપર (૩)
૭. ..... મસ્તક (૨)
૧૦. ભાર (૩)
૧૧. સૂરત, મુખડા (૪)
૧૫. અલગ–અલગ વિચાર (૬)
૧૭. સાંજ, સંધ્યા (૨)
૧૯. સુવિધા (૪)
૨૦. ૩૧ માર્ચ પછીનો દિવસ (૫)
૨૨. પલભર (૩)
૨૩. એક પ્રાણાયામ (૫)
૨૭. પ્રણામ (૩)
૨૯. દિવાળીની એક ગુજરાતી મીઠાઈ (૩)
૩૧. વસિયતનામુ (૨)
૩૪. 'રમ' શબ્દ લખો (૨)

શબ્દાવલિ ભાગ - ૫૨ના જવાબોવાળું કોષ્ટક

1 ચં	દ્ર	2 મ	3 ણી	દા	4 દી		5 જ	6 ન	ક
દ		7 હિ	મ		8 વ્ય	વ	હા	ર	
ન		લા		9 ર	તા		ન		10 ગુ
	11 આ	દિ	ર	ત્ન		12 હો			ઝા
13 નિ	ર	વ		જ		ળી		14 દ	ર
	15 તી	સ		16 ડિ	શ			17 મ	દા
18 મા			19 ખ	ત		20 મિ	ઠુ	દા	દી
ર્ચ		21 મિ	ર્ચ		22 પ	ત્ર		ર	
	23 વિ			24 ઘ			25 મા		26 રા
27 વિ	શ્વ	કિ	શો	ર	ભા	ઉ		28 સ	હી

સાવરકુંડલામાં 'શિવ ધ્વજ' લહેરાવતા MLA મહેશભાઈ કસવાળા, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા મેહુલભાઈ ત્રિવેદી, એડવોકેટ મુકેશભાઈ, આર્ટ ઑફ લીવીંગના રાવલભાઈ, બ્ર.કુ. દક્ષાબેન.

ભરૂચ શહેરમાં આયોજીત 'જાદુગરના શો'ના શુભારંભ પ્રસંગે જાદુગર સમ્રાટ હેરી, નગરના મહાનુભાવો અને બ્ર.કુ. સુનીતાબેન.

કેશોદમાં 'અલૌકિક હોળી પ્રાગટય' મહોત્સવમાં પધારેલ MLA ભ્રાતા દેવાભાઈ માલમ, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા મેહુલભાઈ, વ્યાપારી ભ્રાતા પ્રવિણભાઈ સાથે બ્ર.કુ. રૂપાબેન.

જલાલપોર સેવાકેન્દ્રમાં 'શિવરાત્રી મહાઉત્સવે' પધારેલ નવસારી કૃષિ યુનિવર્સિટીના આચાર્ય ભ્રાતા વિષ્ણુભાઈ ખરાડી, લાયન્સ ક્લબના સેક્રેટરી ભગિની રાજેશ્રીબેન સાથે બ્ર.કુ. ભાનુબેન.

નવસારીમાં '૮૯મી શિવ જયંતિ' પર્વે સહયોગ સોસાયટીમાં ૮૯ શિવધ્વજારોહણમાં સોસાયટીના પ્રમુખ પ્રવિણભાઈ, બ્ર.કુ. ગીતાબેન.

રાજકોટ જાગનાથ દ્વારા 'શિવસંદેશ' આપવા ૬૦ કુમારીઓ અને બ્રહ્માકુમારી બહેનોની શાંતિ સંદેશયાત્રા જાગનાથથી રેસકોર્સ સર્કલ સુધી શાંતિદાતાની સ્થિતિમાં શાંતિનું દાન કરેલ.

સુરત પરવટ દ્વારા મેયર ભ્રાતા દક્ષેશ માવાણીને નિમંત્રણ આપતાં બ્ર.કુ. ગીતાબેન બાજુમાં ડેપ્યુટી મેયર ભ્રાતા નરેન્દ્રભાઈ પાટીલ તથા પાર્ટીના શાસકપક્ષના નેતા ભગિની શશીબેન ત્રિપાઠી.

સુરત પસોદરા સેવાકેન્દ્ર ઉપર 'શિવ અવતરણ મહોત્સવ' નિમિતે આયોજીત 'અલૌકિક ઝાંખી'નું રહસ્ય સમજાવતાં બ્ર.કુ. હર્ષાબેન.

માંજલપુરમાં 'શિવદર્શન મેળા'માં ૪૧૧ શ્રીફળના શિવલિંગ દર્શનમાં પધારેલ કૉર્પોરેટર ભારતીબેન, કલ્પેશભાઈ, મહિલા મોરચાના કારોબારી સભ્ય મયુરીબેન, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. ધીરજબેન.

ગાંધીનગર સેક્ટર-૩માં 'ત્રિમુર્તિ શિવજંયતિ' પર્વે નગરપાલિકાના ચેરમેન ગૌરાંગભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. સુનીતાબેન.

અમદાવાદ ઈસનપુરમાં 'શિવજંયતી મહોત્સવે' સેવાકેન્દ્રમાં પધારેલ ડેપ્યુટી ચેરમેન, લિગલ કમિટી, AMCના ભગિની મોનાબેન સાથે બ્ર.કુ. જાગૃતિબેન, ડૉ. મુકેશભાઈ તથા અન્ય ભાઈ-બહેનો.

સુરત અડાજણમાં 'શિવધ્વજારોહણ' બાદ ધી ખુશાલદાસ જ્વેલર્સના માલિક ભ્રાતા દિપકભાઈ ચોક્સીને સૌગાત આપતાં બ્ર.કુ. દક્ષાબેન.

વ્યારામાં 'શિવરાત્રી' પર્વે લાયબ્રેરી સમિતિ અધ્યક્ષ ભ્રાતા સુધીરભાઈ, તાપી જીલ્લા BJP મહામંત્રી વિક્રમભાઈ, બ્રિટી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી હરીશભાઈ, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. દીપાબેન.

સુરત મોટા વરાછામાં ૬૦ કિલો સંતરાના 'શિવભોલેનાથ'ની ઝાંખીમાં પધારેલ મામલતદાર ભગિની મનીષાબેન કણકોટીયા, હેલ્થ કેમ્પ કંપનીના ભગિની જલ્પાબેન સાથે બ્ર.કુ. મીનાબેન.

ઉમરગામમાં 'શિવોત્સવ' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા મનીષ રાય, બાજુમાં બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. ચેતનાબેન.

સુરત સરથાણામાં મહાશિવરાત્રી પર્વ નિમિતે આયોજીત 'આધ્યાત્મિક મેળા'માં મહાઆરતી કરતાં મહાનુભાવો સાથે બ્ર.કુ. દક્ષાબેન.

ભૂજમાં 'શિવધ્વજારોહણ' કરતાં કચ્છ અને મોરબીના MP ભ્રાતા વિનોદભાઈ ચાવડા, ચેમ્બર ઑફ કોમર્સના ચેરમેન અને કચ્છ સિનેમા એસો.ના પ્રમુખ ભ્રાતા અનીલભાઈ અજાણી, બ્ર.કુ. રક્ષાબેન.

અમદાવાદ સાંરગપુર સેવાકેન્દ્રના 'સુર્વણ જંયતિ' પ્રસંગે દીપ પ્રજવલ્લન કરતાં બ્ર.કુ. આશાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. મંજુલાબેન, ડૉ. હેંમતભાઈ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. લલિતભાઈ, બ્ર.કુ. કૃતિબેન.

બારડોલીમાં 'જ્યોતિલિંગ ઝાંખી'નાં શુભાંરભે એડવોકેટ પરિમલભાઈ, ડૉ. પિયુશભાઈ, સામાજીક કાર્યકર્તા અજીતભાઈ, જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન જીતુભાઈ, બ્ર.કુ. જયશ્રીબેન, બ્ર.કુ. કનકબેન.

ચિલોડામાં 'શિવરાત્રી' પર્વે શિવધ્વજ ફરકાવી પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. તારાબેન સાથે MLA અલ્પેશભાઈ ઠાકોર, બ્રિગેડીયર રાજેશકુમાર તથા અન્ય બ્રહ્માવત્સો.

પડધરીમાં 'શિવદર્શન મેળા અને અમરનાથ ગુફા'માં તાલુકા સરપંચ ડૉ. વિજયભાઈ, તાલુકા શિક્ષણ પ્રમુખ પથુભાઈ ડોડીયા, PSI ભ્રાતા સુરાનીભાઈ, બ્ર.કુ. નલીનીબેન, બ્ર.કુ. જીજ્ઞાબેન.

રાજકોટ શાસ્ત્રીનગરમાં 'શિવમેળા'નું ઉદ્દઘાટન કરતાં ડૉ. મેહુલભાઈ, ડૉ. પ્રિતીબેન, ઉધોગપતિ બ્રિજેશભાઈ, એમ્બીટોના પ્રમુખ રાજેશભાઈ, પરેશભાઈ, જીનલભાઈ, બ્ર.કુ. દક્ષાબેન.

માળીયા હાટીનામાં 'મહાશિવરાત્રી મહોત્સવ'માં પૂર્વ DHO રણજીતસિંહ, સામાજીક કાર્યકર્તા મહેન્દ્રભાઈ ગાંધી, પટેલ સમાજના દેવજીભાઈ, બ્ર.કુ. રૂપાબેન, બ્ર.કુ. મણીબેન, બ્ર.કુ. ગીતાબેન.

બાંટવામાં 'ગીતા રહસ્ય' કાર્યક્રમમાં દિપ પ્રજવલ્લન કરતાં સ્વામિનારાયણના સ્વામી મોહનપ્રકાશદાસ, હનુમાન મંદિરના મહંત જગતજનની, બ્ર.કુ. વીણાબેન, બ્ર.કુ. હરીશભાઈ, બ્ર.કુ. મધુબેન.

Gyan Amrit Vol.18 | Issue 04 | April 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ભુજમાં પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ
શ્રીમતી દ્રૌપદી મુર્મુનું પુષ્પગુચ્છથી સ્વાગત અભિવાદન
કરતાં બ્ર.કુ. રક્ષાબેન.

ગાંધીનગર ખાતે ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ
શ્રીમતી દ્રૌપદી મુર્મુની સાથે શુભેચ્છા મુલાકાત બાદ સમુહચિત્રમાં
બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. જુગનુબેન, બ્ર.કુ. કૃપલબેન,
બ્ર.કુ. ભાવનાબેન, બ્ર.કુ. આરતીબેન, બ્ર.કુ. પારૂલબેન.

અમદાવાદમાં બ્ર.કુ. નંદિનીબેન 'આધ્યાત્મિક અને ધાર્મિક પત્રકારિતા'
વિષય ઉપર Ph.D. (ડૉક્ટર ઑફ ફિલોસોફી)ની ઉપાધિ મેળવનાર
ગુજરાતના પ્રથમ અને ભારતના દ્વિતીય સંશોધનકર્તા છે.
માર્ગદર્શક ડૉ. વિનોદકુમાર પાંડેયના દિશાનિર્દેશનમાં શોધનિબંધ
તૈયાર થતાં બ્રહ્માકુમારી ડૉ. નંદિનીબેનને અભિનંદન આપતાં
ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ.

રાજકોટ મોટા મવા સેવાકેન્દ્ર દ્વારા આયોજીત
'પવિત્ર જીવન યાત્રા મહોત્સવ'માં રાજયોગિની ભારતીદીદી,
આચાર્ય ભગિની આરતીબેન મોદી, કૉર્પોરેટર ભ્રાતા ધવલભાઈ,
બ્ર.કુ. બીનાબેન, બ્ર.કુ. રમાબેન, બ્ર.કુ. અંજુબેન,
બ્ર.કુ. આરતીબેન તથા યુગલો.

મહેસાણા ખાતે 'મહાશિવરાત્રી'એ પધારેલ MLA ભ્રાતા મુકેશભાઈ
પટેલ, જીલ્લા મહામંત્રી ભગાભાઈ પટેલ, C.I.S.F.ના ડેપ્યુટી કમાન્ડન્ટ
અમીતકુમાર ગુપ્તા, ભાગવદ કથાકાર પ્રવિણરામ મહારાજ,
અર્બુદાધામના ઋષિ મહારાજ, મૌલાના મુર્તજાભાઈ, ફાધર સલ્વાડોર,
શીખ ધર્મના ગુલશનસિંહ, ગાયત્રી પરિવારના એસ.એમ.રાવલ,
BJP જીલ્લા પૂર્વ પ્રમુખ કેશુભાઈ, બ્ર.કુ. સરલાબેન.

અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'મહાશિવરાત્રી'એ ટાઈમ્સ ઑફ
ઈન્ડીયાના પૂર્વ ચીફ એડીટર અનિલભાઈ પાઠક, મીનાબેન પાઠક,
હાસ્ય કલાકાર જીગરભાઈ, ટ્રાન્સપોર્ટ હાઉસના માલિક ભ્રાતા
રણજીતસિંહ, સાથે બ્ર.કુ. નેહાબેન, અગ્રણી વ્યાપારી ભ્રાતા
અમિતભાઈ ઠક્કર, પૂર્વ DySP ભ્રાતા વિનયભાઈ,
અદાણી પોર્ટના ઈલેશભાઈ, ટોરન્ટ પાવરના કમલેશભાઈ ત્રિવેદી .

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com